Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

श्रीमद्विजयानन्दसूरि सद्गुरुभ्यो नमः

श्री

# आत्मानन्द प्रकाश.

सेव्यः सदा सद्गुरु कल्पवृक्षः

जैनो संघश्चतुर्धा भवतु विविधसद्ज्ञानसंपद्विलासी
श्रेयः सामाजिकं यद्विलसतु सततं तत्र पूर्णप्रभावि ।
भक्ति श्रीमद्गुरूणां प्रसरतु हृदये भावपूर्णप्रकाशा
'आत्मानन्द प्रकाश' ह्यभिलषति सदा मासिकं चेतसीति ॥१॥

पु. १६. } वीर सं. २४४५-चैत्र. आत्म सं. २३ } अंक ९ मो.

प्रकाशक-श्री जैन आत्मानन्द सभा-भावनगर.

વિષયાનુક્રમણિકા.


| નંબર. | વિષય. | પૃષ્ટ. | નંબર. | વિષય. | પૃષ્ટ |
|---|---|---|---|---|---|
| ૧ | શ્રી વીર ધર્મની સ્તુતિ. ... | ૨૧૧ | ૫ | દુર્જન સ્વભાવ. ... ... ... | ૨૨૧ |
| ૨ | કેટલાક પ્રાસ્તાવિક શ્લોકો... | ૨૧૨ | ૬ | જૈન બેંક સ્થાપવાની અગત્ય. ... | ૨૨૨ |
| ૩ | પુણ્ય પાપ કુલક-વ્યાખ્યા.. | ૨૧૪ | ૭ | વિશ્વમાં આત્માનું સ્થાન. ... | ૨૩૨ |
| ૪ | સત્ય મિત્રતાનું સ્વરૂપ. ... | ૨૧૫ | ૮ | શ્રી ભક્તામર સ્તોત્ર અનુવાદ (પદ્ય). | ૨૩૬ |


વાર્ષિક મૂલ્ય રૂ. १) ટપાલ ખર્ચ આના ૪.

આનંદ પ્રીન્ટીંગ પ્રેસમાં શાહ ગુલાબચંદ લલ્લુભાઇએ છાપ્યું-ભાવનગર.

For Private And Personal Use Only

## India આ સભાના માનવંતા લાઇફ મેમ્બરોને ભેટ.

What has I ... થો આ સભાના લાઇફ મેમ્બરોને ભેટ આપવા માટે તૈયાર થયા છે, મેમ્બર બંધુઓને પોસ્ટેજ પૂરતા પૈસાનું વી. પી. કરી ચૈત્ર શુદ our central unit ... કલવામાં આવશે જેથી તે સ્વીકારી લેશે તેવી નમ્ર સૂચના કરીયે છીયે.

| | |
|---|---|
| ૧ શ્રી ગુરૂગુણમાળા. મૂળ સાથે ભાષાંતર. | ૨ શ્રી અધ્યાત્મમત પરિક્ષા. મૂળ–ભાષાંત |
| ૩ શ્રી સંવેગદ્રુમકંદલી " | ૪ શ્રી શત્રુંજય મહાતીર્થ સ્તવનાવળી. |
| ૫ શ્રી અક્ષયતપનિધિ. | ૬ શ્રી આત્મકાન્તિ પ્રકાશ. |

મહાન યુદ્ધના પ્રસંગને લઇ છાપવાના કાગળો તથા છપામણી, બાઇડીંગ વિગેરેની મોંઘવારી છતાં પુસ્તક પ્રસિદ્ધિનું કાર્ય શરૂજ છે.

હવે પછી ઉપદેશ સાથે કથાનક ગ્રંથો કે જેના ભાષાંતરો થાય છે, તે છપાવવાનું કાર્ય શરૂ થશે. આ સભાનું પુસ્તક પ્રસિદ્ધિ કાર્ય સતત ચાલતું હોવાથી ઘણા બહોળા પ્રમાણમાં ગ્રંથો છપાણા છે–છપાય છે. સભાસદોને ભેટ અપાણા છે–અપાય છે. એક નાની ગૃહ લાઇબ્રેરી થાય તેટલા ગ્રંથો અમારા માનવંતા લાઇફ મેમ્બરોને ભેટ અપાઇ ચુકેલ છે જેથી આ સભામાં લાઇફ મેમ્બર થઇ બીજા ધાર્મિક લાભો સાથે આ લાભ પણ લેવા જેવું છે.

---

## અમારા માનવંતા ગ્રાહકોને સૂચના.

### "શ્રી જ્ઞાનામૃત કાવ્યકુંજ."

શ્રી આત્માનંદ પ્રકાશના ગ્રાહકોને આ વર્ષે ભેટની બુકનો નિર્ણય થઇ ગયો છે. માસિકનું આ સોળમું વર્ષ ચાલે છે, જેને માત્ર ત્રણ માસ બાકી છે. આ વર્ષે ઉપરોક્ત નામનું પુસ્તક અમારા માનવંતા ગ્રાહકોને ભેટ આપવા માટે મુકરર થયું છે. દરવર્ષ કરતાં આ વર્ષની ભેટની બુક જેમ એક અપૂર્વ અધ્યાત્મજ્ઞાનની છે તેમ દરવર્ષ કરતાં વધારે મોટી થશે. જેની સવિસ્તર હકીકત હવે પછી આપવામાં આવશે.

---

## શ્રીસુસઢ ચરિત્ર ( પ્રાકૃત. )

ઉપરનો પ્રાકૃત પરંતુ સરલ અને ચરિત્રનો ગ્રંથ હાલમાં અમારા તરફથી પ્રસિદ્ધ થયો છે. સંસ્કૃત–પ્રાકૃતના અભ્યાસી માટે તે ઉપયોગી છે. કથા પણ રસિક છે. જોવે તેઓએ અમારી પાસેથી મંગાવવો. કિંમત મુદ્દલ કરતાં પણ ઓછી રાખવામાં આવી છે. કિંમત માત્ર બે આના પોસ્ટેજ જુદું.

---

## આ માસમાં દાખલ થયેલા માનવંતા સભાસદો.

| | | |
|---|---|---|
| ૧ શાહ અમૃતલાલ દુર્લભદાસ. | રે૦ ભાવનગર. | પે૦ વ૦ વા૦ મેમ્બર. |

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

श्री

# આત્માનન્દ પ્રકાશ.

इहहि रागद्वेषमोहाद्यभिभूतेन संसारिजन्तुना
शारीरमानसानेकातिकटुकदुःखोपनिपात-
पीडितेन तदपनयनाय हेयोपादेय-
पदार्थ परिज्ञानेयत्नो विधेयः॥

पुस्तक १६ ] वीर संवत् २४४५, चैत्र. आत्म संवत् २३. [ अंक ९ मो.

## श्री वीरधर्मनी स्तुति.

( શાર્દૂલ વિક્રીડિત. )

સ્થાપે શુભ્ર પ્રભા સદા અવનિમાં જે ધર્મના તત્ત્વની,
પામે જ્યાંથી મલિન બુદ્ધિ ઉલૂકો વેગે દશા અંધની;
ભસ્મીભૂત કરે છે જગત જનના જે કર્મ અગ્નિ થઇ,
તે રાજે પ્રભુ વીરના ધરમનો નિત્યે રવિ વિજયી.

વિ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# કેટલાક પ્રાસ્તાવિક શ્લોકો.

## પદ્યાત્મક ભાષાંતર સહિત.

લે૦ રા. રા. કુબેરલાલ અંબાશંકર ત્રિવેદી. ( ભાવનગર ).

( ગતાંક પૃષ્ટ ૧૮૯ થી ચાલુ. )

त्यक्त्वापि निजप्राणान् परहितविघ्नं खलः करोत्येव ।
कवले पतिता सद्यो वमयति मक्षिकाऽन्नभोक्तारम् ॥

( દોહરા. )

પડી ગ્રાસમાં મક્ષિકા, ખુએ પલકમાં પ્રાણ;
જમનારાને પણ કરે, વમન કરાવી હાણ.
ખલજનની પણ જગતમાં, જાણો એવી રીત;
પ્રાણ તજીને પણ કરે, પરહિત વિઘ્ન ખચીત.

अनुसरति करिकपोलं भ्रमरः श्रवणेन ताड्यमानोऽपि ।
गणयति न तिरस्कारं दानान्धविलोचनो नीचः ॥

( રૂચિરા છંદ. )

હાથીના કર્ણોની ભમરા ઉગ્ર ઝાપટો ખાયે રે,
તોપણ તેની પાછળ પાછળ મદ મેળવવા જાએ રે;
એવી રીતે દાન લોભમાં અંધ થયેલા પ્રાણીરે,
તિરસ્કારને ન ગણે જરીએ સિદ્ધ વાત એ જાણી રે.

उपदेशो हि मूर्खाणां प्रकोपाय न शांतये ।
पयःपानं भुजङ्गानां केवलं विषवर्धनम् ॥

( ઉપજાતિ. )

સદ્બોધથી મૂર્ખ ન શાંત થાય, અત્યંત ક્રોધે ઉલટો ભરાય.
જો સર્પને દુધ કદી પવાય, તો માત્ર તેથી વિષવૃદ્ધિ થાય.

बोधितोऽपि बहुसूक्तिविस्तरैः किं खलो जगति सज्जनो भवेत् ।
स्नापितोऽपि बहुशो नदीजलैर्गर्दभः किमु हयो भवेत् क्वचित् ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



( પુષ્પિતાગ્રા. )

સુવચનયુત બોધથી જરાયે, ખલ જન શું જગમાંહિ સાધુ થાયે;
બહુ વિધ નદીના જલે નવાડો, પણ કદી અશ્વ બને જ શું ગધાડો.

अकरुणत्वमकारण विग्रहः परधने परयोषिति च स्पृहा ।
सुजनबंधुजनेष्वसहिष्णुता, प्रकृतिसिद्धमिदं हि दुरात्मनाम ॥

( દ્રુતવિલંબિત. )

વગર કારણ વેર કરે અતી, પરધને પરદાર વિષે રતી;
સુજનમાં ઇરષા ન હિલે દયા, સહજ દુર્ગુણ એ ખલના કહ્યા.

यत्र विद्वज्जनो नाऽस्ति श्लाघ्यस्तत्राल्पधीरपि ।
निरस्तपादपे देश एरण्डोऽपि द्रुमायते ॥

( ચોપાઈ. )

વિદ્યાવંત વડા વિદ્વાન, બુદ્ધિશાળી જ્યાં ન સુજાણ;
મૂર્ખ ગણાયે છે ત્યાં મુખ્ય, નહિ ઝાડ ત્યાં એરડો રૂખ.

पद्मे मूढजने ददासि द्रविणं विद्वत्सु किं मत्सरो
नाऽहं मत्सरिणी न चाऽपि चपला नैवाऽस्ति मूर्खे रतिः ।
मूर्खेभ्यो द्रविणं ददामि नितरां तत्कारणं श्रूयताम्,
विद्वान् सर्वजनेषु पूजिततनुर्मूर्खस्य नाऽन्या गतिः ॥

( મંદાક્રાંતા. )

રે લક્ષ્મી ! તું મુરખ જનને દ્રવ્ય આપે અપાર,
વિદ્વાનોને ચપલ મતિ તું કેમ ના દે લગાર;
આ તો તારી મુરખપરની પક્ષપાતી જ પ્રીતિ,
ને દેખાડે વિબુધ જનમાં દ્વેષ કેરી પ્રતીતિ.
ના દ્વેષી હું ચપલ પણ ના તેમ ના મૂર્ખ પ્યારો,
મૂર્ખોને હું દ્રવિણ દઉં તે સુણ તું ભેદ મારો;
વિદ્વાનો તો સકલ સ્થલમાં સર્વથી માન પામે,
મૂર્ખાઓનો મુજવિણ ઘડો થાય ના કોઇ ઠામે.

—( ચાલુ ).

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# પુણ્ય પાપકુલક–વ્યાખ્યા.

૧ સો વર્ષમાં આવખાનું પ્રમાણ ૩૬૦૦૦ દિવસોનું લેખાય. તે ક્ષણે ક્ષણે ખૂટી–ક્ષીણ થઇ જતું જોઇને સુજ્ઞજનોએ ધર્મમાં ઉદ્યમ કરવો જોઇએ.

૨ જો તપ નિયમ ગુણના સેવન–અભ્યાસ વડે પોષધ[1] સહિત એક દિવસ નિર્ગમવામાં આવે છે તો તેથી જીવ આટલાં પલ્યોપમ[2]નું દેવાયુષ્ય બાંધે છે.

૩ સત્તાવીશસો ને સિત્યોતેર ક્રોડ સિત્યોતેર લાખ સિત્યોતેર હજાર સાતસો સિત્યોતેર ઉપર ૭/૯ (= ૨૭૭૭૭૭૭૭૭૭૭ ૭/૯ પલ્યોપમ.

૪ એક સો વર્ષમાં ૨૮૮૦૦૦ પહોર થાય છે. તેમાંનો એક પણ પહોર ધર્મ ( શુભ પરિણામ ) યુક્ત ગાળવામાં આવે તો આટલો લાભ થાય છે.

૫ ત્રણસો સુડતાલીશ ક્રોડ, બાવીશ લાખ બાવીશ હજાર બસો અને બાવીશ ઉપરાન્ત ૨/૯ (= ૩૪૭૨૨૨૨૨૨૨ ૨/૯ ) પલ્યોપમ જેટલું દેવાયુષ્ય એક પહોરમાં બાંધે છે.

૬ સો વર્ષમાં ૧૦૮૦૦૦૦ મુહૂર્ત[3] સંખ્યા થાય છે. જો તેમાંથી એક જ મુહૂર્ત પ્રમાણ સામાયક યુક્ત રહેવાય તો આટલો લાભ થાય છે.

૭ ૯૨૫૯૨૫૯૨૫ ૧/૯ પલ્યોપમ પ્રમાણ દેવાયુષ્ય બે ઘડીમાં બાંધે છે.

૮ સો વર્ષમાં ૨૧૬૦૦૦૦ ઘડી[4] થાય છે તેમાંથી એક ઘડી પણ ધર્મ–યુક્ત નિર્ગમવામાં આવે તો આટલો લાભ થવા પામે છે.

૯ ૪૬૨૯૬૨૯૬૩ પલ્યોપમ જેટલું લગભગ દેવાયુષ્ય એક ઘડીમાં બાંધે છે.

૧૦ એક અહો રાત્ર ( સંપૂર્ણ દિવસ રાત ) ની સાઠ ઘડીયો જેની વ્રત નિયમ વગર નકામી જાય છે તેનો તે દિવસ નિષ્ફળ જાણવો.

૧૧ સો વર્ષમાં ૪૦૭૪૮૪૦૦૦૦ ઉશ્વાસ ( શ્વાસોશ્વાસ ) થાય છે.

૧૨ એક પણ શ્વાસોશ્વાસ પુન્ય પાપ વગરનો જતો નથી. જો તેમાંનો એક પણ શ્વાસોશ્વાસ પુન્ય યુક્ત જાય છે તો આટલો લાભ થાય છે.

૧૩ ૨૪૫૪૦૮ ઉપરાન્ત કંઇક ઉણાચાર ભાગ જેટલા પલ્યોપમ પ્રમાણ દેવતાનું આયુષ્ય એક શ્વાસોશ્વાસમાં બંધાય છે.

૧૪ એક નવકાર મંત્રનો કાઉસ્સગ્ગ કરનાર ( તેમાં આઠ શ્વાસોશ્વાસ–સંપદા હોવાથી ) ૧૯૬૩૨૬૭ પલ્યોપમ પ્રમાણ દેવાયુષ્ય બાંધે છે.

૧૫ પચવીશ ઉશ્વાસ ( સંપદા ) પ્રમાણ લોગસ્સનો કાઉસ્સગ્ગ કરનાર ૬૧૩૫૨૧૦ પલ્યોપમ પ્રમાણ દેવાયુષ્ય બાંધે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૧૬ એજ પ્રમાણે પાપ કરણી કરવામાં તત્પર રહેનારા જીવો નરકનું આવખું બાંધે છે. એમ સમજી શ્રી જિનેશ્વર દેવે કથેલા-પ્રરૂપેલા પવિત્ર ધર્મનું સેવન કરવા અવશ્ય ઉદ્યમ કરવો.

સાર—જ્ઞાની કહે છે કે હે ભવ્યાત્મન ! જો તું સુખની જ ચાહના કરતો હોય તો જાગૃત થા. મદ, વિષય, કષાય, નિદ્રા-આળસ અને વિકથાદિક પ્રમાદનો ત્યાગ કર. શુદ્ધ દેવ ગુરૂ ધર્મની સારી રીતે ઓળખાણ કરી તેમાં પૂર્ણ આસ્થા રાખ. મિથ્યાત્વ માર્ગથી દૂર રહે. માર્ગાનુસારીપણાનો દ્રઢ અભ્યાસ રાખીને ચાલતો રહે. અન્યાય-અનીતિથી ( કાળ નાગની પેરે ) વેગળો રહે. ઇન્દ્રિયોને કાબુમાં રાખતો જા. કષાયોનો નિગ્રહ કરતો રહે. મનમાં સારા જ વિચાર-શુભ ભાવનાને દાખલ કર અને ખરાબ વિચાર-નબળી ભાવનાને દૂર કર. જગતના સર્વ જીવોનું સદાય હિત ચિન્તવન કર. તેમનું સારૂં જોઇને રાજી-ખુશી થા. તેમના ગુણ ગ્રહણ કરીને તું પોતે પણ ગુણી અને ગુણાનુરાગી બનવા પ્રયત્ન કર.

કોઇ દીન દુઃખીને દેખી તેમનું દુઃખ દૂર થાય તેમ કરવા તન મન ધનથી બને તેટલો પ્રયત્ન હિતબુદ્ધિથી જ ( આર્દ્ર દીલથી ) કરતો રહે. લોકરંજન અર્થે જ નહિ પણ આત્મસંતોષ માટે જે કંઇ ભલું કરવાની શુભ તક મળે તે વધાવી લે. તેને ગફલતથી ગુમાવી નહિ દે. ગમે તેવા નીચ જનો ઉપર ગુસ્સે નહિ થતાં તેઓ સુધરી શકે એમ હોય તો તેમને સુધારવા, નહિ તો તેવી તક આવે ત્યાંસુધી ધીરજથી રાહ જોવા અને અત્યારે બીજું ઉપયોગી કામ કરી લેવા લક્ષ રાખવું.

પૂર્વ પુન્ય જોગે દશ દ્રષ્ટાન્તે દુર્લભ મનુષ્ય જન્માદિક સઘળી શુભ સામગ્રી પામીને તેને વૃથા ગમાવી નહિ દેતાં યથાશક્તિ જ્ઞાનીનાં હિત વચનને અનુસરી દાન શીલ તપ ભાવવડે સફળ કરી લેવા જરૂર પ્રયત્ન કરજે, જેથી આયંદે ત્હારૂં હિત-શ્રેય-કલ્યાણ થશેજ. ઇતિશમ્.

લે૦—**મુનિમહારાજ શ્રી કર્પૂરવિજયજી મહારાજ.**

# સત્ય મિત્રતાનું સ્વરૂપ.

( અનુસંધાન પૃષ્ટ ૧૯૬ થી )

**લેખક-વિઠ્ઠલદાસ મૂળચંદ શાહ. બી. એ.**

એક આંગ્લ વિદ્વાન કહે છે કે "True friendship is like sound health, the value of it is seldom known until it be lost." "સત્ય નિત્રત્વ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સંગીન તન્દુરસ્તી સમાન છે; જ્યાંસુધી તે નષ્ટ થાય નહિ ત્યાંસુધી તેની કિંમત ભાગ્યેજ જાણવામાં આવે છે.” તમારા મિત્રોની વર્તણુક તથા પદવીથી તમારા જીવન પર અદ્‌ભુત અસર થાય છે. બની શકે ત્યાંસુધી તમારા કરતાં ઉચ્ચતર કોટિના મિત્રો પસંદ કરવાનો ચોક્કસ નિયમ કરો. જે લોકો તમારા કરતાં ઉત્કૃષ્ટ હોય તેની સાથે નિકટ સમાગમમાં આવવા અવિરત યત્ન કરો. આનો અર્થ એમ નથી કે તમારે તમારા કરતાં વધારે દ્રવ્યવાન લોકોના સમાગમમાં આવવાનો યત્ન કરવો; પરંતુ જેઓને આત્મવિકાસ અને આત્મોત્કર્ષના વિશેષ સાધનોની સંપ્રાપ્તિ થઇ છે, જેઓ તમારા કરતાં વિશેષ કેળવાયલા અને સંસ્કૃત હોય છે, તેવા લોકોના નિરંતર પરિચયમાં આવવાને યત્ન કરો. જેથી કરીને જે તમને સહાયભૂત થાય તે તમે તેઓના જીવનમાંથી બને તેટલું ગ્રહણ કરી શકો. આથી તમારા આદર્શ ઉચ્ચ કરવાની વૃત્તિનો તમારામાં ઉદ્‌ભવ થશે, તેમજ ઉચ્ચતર વસ્તુઓ પ્રાપ્ત કરવાને અને જગત્‌માં તમે પોતે કંઇક થાઓ એ માટે મહત્તર યત્નો કરવાને તમે પ્રેરાશો.

ઘણા યુવકોને પુષ્કળ મિત્રો કરવાની ટેવ હોય છે, પરંતુ તે મિત્રો એવા હોતા નથી કે જે તેઓને મદદગાર થઇ શકે વા ઉન્નતિગામી બનાવી શકે; કેમકે તેઓએ ઉંચે ચડવાને બદલે નીચે ઉતરવાનું પસંદ કર્યું હોય છે. તમારા કરતાં ઉતરતી પંક્તિના માણસોની સાથે જો તમે હમેશાં સંસર્ગમાં આવશો તો ખાતરીપુર્વક માનો કે તેઓ તમને નીચે ઘસડી જવાના અને તમારા આદર્શ તથા ઉચ્ચાભિલાષને નિકૃષ્ટ બનાવવાના યત્નો આદરશે. આપણા મિત્રો અને પરિચિત મનુષ્યો આપણા પર કેવા પ્રકારની છાપ બેસાડે છે તેનું આપણને અત્યલ્પ જ્ઞાન છે. જે જે મનુષ્યોના સંસર્ગમાં આપણે આવીએ છીએ તે સર્વ આપણા પર અલોપ્ય છાપ પાડે છે અને તે છાપ ઉક્ત મનુષ્યના ચારિત્ર્ય જેવીજ હોય છે. જો આપણે આપણા કરતાં સારા મનુષ્યોની સાથે મિત્રતા કરવાની અને પરિચયમાં આવવાની ટેવ ઘડીએ છીએ, તો આપણને આત્મસુધારણા અને આત્મોત્કર્ષના માર્ગ પર વિચરવાની સ્વાભાવિક રીતે ટેવ પડી જાય છે.

જીવનના ધોરણો ઉચ્ચ રાખવા હમેશાં યત્ન કરવો એ એક મહત્વની વસ્તુ છે, અને મહાન ઇચ્છાઓ ધારણ કરવાની ટેવવાળા મનુષ્યને માટે તે પ્રમાણે કરવાનું શકય છે. એમ છતાં, આપણે અસહિષ્ણુ થવું ન જોઇએ અને આપણા મિત્રો તરફથી જોઇએ તે કરતાં વિશેષ મેળવવાની અપેક્ષા રાખવી જોઇએ નહિ. એક લેખક કહે છે કે “Take your friends more as you find them, without the desire to make them live up to some ideal standard of your own. You may find that their own standard, while

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



different, may not be so bad, after all." એટલે કે "તમારા પોતાના કોઈ આદર્શ ધોરણ પ્રમાણે.તમારા મિત્રોને રહેતા કરવાની ઇચ્છા વગર તમે જેમ બને તેમ વધારે મિત્રો પસંદ કરો. તમને જણાશે કે તેઓનું ધોરણ તમારા ધોરણથી ભિન્ન હોવા છતાં એટલું બધું ખરાબ નથી."

અપરિચિત મનુષ્યોની પરીક્ષા તેઓના મિત્રોનો અભ્યાસ કરવાથી થઇ શકે છે તે કેવી પ્રકૃતિનો મનુષ્ય છે, તે તેના વચનાનુસાર વર્તશે કે તેનું વચન અવિશ્વસનીય હશે વિગેરેનું અનુમાન સ્હેલાઇથી કરી શકાય છે. જે માણસને કોઇની સાથે વાસ્તવિક મિત્રતા નથી એવા કોઇ માણસને જોશો તો તમને જણાશે કે તેનામાં કોઇક સ્થળે કંઇક ન્યૂનતા છે. જો તે મિત્રો મેળવવાને લાયક હોત તો તેને અવશ્ય કોઇની સાથે મિત્રતા હોત.

"પુષ્કળ મિત્રો હોવા" એ કંઇ કાલ્પનિક ઉપન્યાસ નથી, પરંતુ અત્યંત કિંમતી છે. પુષ્કળ મિત્રોવાળા સ્ત્રી પુરૂષોને સર્વત્ર સત્કાર મળે છે, અને જેની પાસે માત્ર પુષ્કળ દ્રવ્ય હોય છે એવા લોકોને અપ્રાપ્ય અને અપ્રસિદ્ધતામાં જીવન વહન કરનાર મનુષ્યોએ પૂર્વે કદિ નહિ સાંભળેલા પ્રસંગો તેઓને આપવામાં આવે છે જે માણસને એક પણ મિત્ર નથી તે ખરેખર ગરીબ છે. ગમે તેટલું દ્રવ્ય હોય તો પણ તે દ્રવ્યનું મિત્રતાને સ્થાને નિવેશન થઇ શકે જ નહિ. દ્રવ્ય પ્રાપ્ત કરવામાં પોતાની પ્રવૃત્તિને લઇને ગુમાવેલા મિત્રરત્નોને પુનઃ મેળવવા અનેક લક્ષાધિપતિ શ્રીમંતો પોતાની સંપત્તિના મોટા ભાગનો ભોગ આપવા તૈયાર હોય છે.

અમેરીકામાં એક દ્રવ્યસંપન્ન માણસના હમણાંજ થયેલા મૃત્યુ સમયે તેના સગાં-સબંધીઓ ઉપરાંત ભાગ્યેજ બીજા છ માણસોએ હાજરી આપી હતી; પરંતુ જે માણસ પાસે પોતાની પાછળ મૂકી જવાને માત્ર જુજ મિલ્કત હતી તે માણસના થોડા અઠવાડીયા પછી થયેલા મૃત્યુ સમયે શોક પ્રદર્શિત કરવા આવેલા અસંખ્ય સ્ત્રી-પુરૂષોથી શેરીઓ અને રસ્તાઓ ઉભરાઇ ગયા હતા. આનું કારણ એ હતું કે એક કૃપણ મનુષ્યને પોતાની મિલ્કતપર જેટલો પ્રેમ હોય છે તેટલો આ માણસને તેના મિત્રો પરત્વે હતો. જે કોઇ તેને ઓળખતો હોય તે તેનો મિત્ર હોય એમ લાગતું હતું. તેની પાસે પુષ્કળ દ્રવ્ય હોવા કરતાં તેને પુષ્કળ મિત્રો પ્રાપ્ત કરવાનું સદ્દભાગ્ય પ્રાપ્ત થયું હતું તેમાં તે વિશેષ મહત્તા માનતો હતો. જે કોઇને પૈસાની જરૂર હોય તેને તે પોતાનું દ્રવ્ય આપવા ઇચ્છતો હતો. તેણે તેનું જીવન લેશ પણ સંકોચ વગર, ઉદાર હૃદયે તેના મિત્રોને અર્પણ કર્યું હતું. તે ગમે તે વખતે તેઓની સેવામાં હાજર રહેતો. આ માણસના જીવનમાં સેવાને મ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ર્યાદા ન હતી અથવા એવું કાંઇ ન હતું કે જેથી તેનામાં સ્વાર્થસાધક વૃત્તિ કે લોભદશાનું આપણને ભાન થાય. આવા ઉદારચરિત અને વસુધાને કુટુંબ ગણનારા મનુષ્યના મૃત્યુથી પોતાને મહાન નુકશાન થયું છે એમ હજારો લોકો ગણે તો તેમાં આશ્ચર્ય પામવા જેવું નથી.

સિનેકાએ એક સ્થળે લખ્યું છે કે—"મિત્રતામાં સહેજ પણ સંકોચ ન હોવો જોઇએ. મિત્રતાનો સંબંધ શરૂ થયા પહેલાં તમારી ઇચ્છાનુસાર વિચાર કરો. પરંતુ મિત્રતા થયા પછી શંકા અથવા ઇર્ષ્યાયુક્ત વિચારોને તિલાંજલી આપો. કોઇની સાથે મિત્રતા શરૂ કર્યા પહેલાં વિચાર કરવા માટે સમયની અગત્ય છે; પરંતુ એક વખત નિશ્ચય કર્યા પછી તે તમારા હૃદયમાં વસવાને અધિકારી બને છે. મિત્રતાનો હેતુ એ છે કે તમારી જાત કરતાં પણ તમને તમારા મિત્રોપર અધિક પ્રેમ હોવો જોઇએ; અને માત્ર પ્રાજ્ઞ પુરૂષો જ મિત્રો થઇ શકે એ સૂત્રના અભિજ્ઞાનથી તમારા મિત્રોની ખાતર જરૂર પડે તો તમારી જીંદગીની આહુતિ આપવા તમારે તૈયાર રહેવું જોઇએ.

તેજ મનુષ્ય બીજાની સેવામાં પોતાનું જીવન અર્પી શકે છે કે જેને તે બીજા પાસેથી મળી શકે છે. આ એક પ્રકારનું બીજારોપણ છે જેનાથી પુષ્કળ ધાન્ય ઉત્પન્ન થઇ શકે છે. જે મનુષ્ય પોતાથી બને તેટલું મેળવવાનો યત્ન કરે છે અને તેમાંથી કોઇને કાંઇ આપતો નથી તે વાસ્તવિક દ્રવ્ય પ્રાપ્ત કરી શકતો નથી. જે ખેડુત બીજનું રોપણ કરવા કરતાં બીજનો સંચય કરવાથી પોતાને વિશેષ લાભ થશે એવો વિચાર કરી બીજનો સંચય કરવા લલચાય છે તેના જેવો જ ઉક્ત મનુષ્ય ગણી શકાય. તે ભૂમિમાં બીજનું રોપણ કરતો નથી, કેમકે બીજની અંદર તેને ધાન્ય દ્રષ્ટિગત થતું નથી. આપણે પોતે વિકાસક્રમમાં કેટલા આગળ વધ્યા છીએ તેનો વિચાર કરવા કરતાં આપણે કેટલા માણસોને આગળ વધવામાં સાહાય્ય કરી છે તેનો જ વિચાર કરવો વિશેષ ઉચિત છે. જે મનુષ્યો સમાજની સેવામાં પોતાનું જીવન અર્પણ કરે છે તેઓ જ વસ્તુતઃ દ્રવ્યસંપન્ન ગણી શકાય છે. આવા લોકો પોતાની શક્તિનો કે સેવાનો વિક્રય કરવા કદિ ઇચ્છા રાખતા નથી; કેમકે તેઓ સર્વને પોતાના બંધુ અર્થાત્ મિત્ર સમાન હમેશાં લેખે છે. જેવી રીતે ખેડુત ભૂમિમાં બીજનું રોપણ કરી પુષ્કળ ધાન્ય મેળવી શકે છે તેવી જ રીતે આ કક્ષાના મનુષ્યો પોતાના દેશને પોતાનું સર્વસ્વ સમર્પી ઇતિહાસના પૃષ્ઠપર પોતાના નામો જ્વલંત અને ચિરસ્થાયી કરી શકે છે.

આપણા અત્યંત પ્રવૃત્તિમય જીવનનો એક ખેદજનક દોષ એ છે કે આપણે દ્રવ્યસંચય કરવાને તણાઇ જવામાં મિત્રો ગુમાવીએ છીએ તેમજ નવા મિત્રો કરી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શકતા નથી; કેમકે અત્યંત પ્રવૃત્તિશીલતાને લઇને આપણે તે કાર્ય માટે સમયનો બચાવ કરી શકતા નથી. વિશાળ સાધનો અને આશ્ચર્યભૂત પ્રસંગો આપણામાં અત્યુગ્ર લોભદશાનો સંચાર કરે છે. મહાન્ ઐહિક લાભો જોઇને આપણો સ્વાર્થી સ્વભાવ અને આપણામાં રહેલી પશુવૃત્તિ ઉશ્કેરાય છે. આને પરિણામે આપણે એટલા બધા તિવ્ર વેગથી ધસ્યા જઇએ છીએ કે જે મિત્રો આપણને આપણા લક્ષ્યસ્થાને પહોંચવામાં મદદ કરે છે તે સિવાય અન્ય મિત્રો કરવાનો આપણને અવકાશ રહેતો નથી. આનું પરિણામ એ આવ્યું છે કે આપણે આનંદદાયક અને લાભકારક ઘણી ઓળખાણો કરી શકયા છીએ, પરંતુ મિત્ર શબ્દના યથાર્થ અર્થમાં આપણે ઘણા થોડા મિત્રો મેળવી શકયા છીએ. હકીકત એ છે કે એ મહાન દેખાતા લાભોને લીધે આપણામાં કેટલાક અપ્રશસ્ત ગુણો ખીલે છે અને ઘણાખરા પ્રશસ્ત ગુણો દબાઇ જાય છે અને કેટલેક અંશે લુપ્ત થાય છે. ધનપ્રાપ્તિને માટે આપણે આપણા મગજમાં રહેલા અનેક દ્રવ્યપિંડને કેળવ્યા છે, અને તેમ કરતા જતાં આપણે અમૂલ્ય વસ્તુ ગુમાવી બેઠા છીએ. આપણે મિત્રતાને, શક્તિને અને સમયને વ્યાપારમય કરી મુકયા છે. દરેક વસ્તુનો ઉપયોગ આપણે પૈસા પ્રાપ્ત કરવામાં કર્યો છે; અને પરિણામ એ આવ્યું છે કે આપણે પૈસો પ્રાપ્ત કરી શકયા છીએ, પરંતુ અન્ય કંઇ પ્રાપ્ત કરી શકયા નથી. હજારો દ્રવ્યવાન મનુષ્યોની તેઓના વ્યાપારક્ષેત્રની બહાર કશી ગણના થતી નથી. ઉચ્ચતર કોટિના મનુષ્ય તરીકે ગણાવાને ઉચ્ચતર મજ્જાતંતુઓને અને તેઓની બીજી બાજુને તેઓએ ખીલવી નથી. તેઓ દ્રવ્ય પ્રાપ્ત કરવાની કળામાં પ્રથમ પંક્તિએ આવે છે, પરંતુ અન્ય વિષયમાં તેઓ તેથી ઉતરતી પંક્તિએજ આવે છે; કેમકે તેઓએ દ્રવ્યપ્રાપ્તિમાં જ તેઓના જીવનકાર્યની, તેઓની શક્તિની અને મિત્રતાની સાર્થકતા માની છે. પુષ્કળ દ્રવ્ય હોય પણ સત્ય સહાયક મિત્રોનો અભાવ હોય તો તે કરતાં વિશેષ પીડાજનક વસ્તુ આ જગતમાં કોઈ નથી. જે કાર્યસિદ્ધિ મેળવવા જતાં આપણને આપણા મિત્રોનો અને જીવનમાં સૌથી પવિત્ર ગણાતી વસ્તુઓનો ભોગ આપવો પડે એમ હોય તે કાર્યસિદ્ધિની કશી ઉપયોગિતા નથી. આપણે અનેક મનુષ્યો સાથે ઓળખાણ હોય, પરંતુ તે સર્વની સત્ય મિત્રો તરીકે ગણના થઇ શકતી નથી. જગત્‌માં અનેક ધનવાન માણસો હોય છે કે જેઓ સત્ય મિત્રતાના લાભ અને આનંદ ભાગ્યેજ સમજી શકતા અથવા અનુભવી શકતા જોવામાં આવે છે.

કેટલાક એવા પ્રકારના મિત્રો હોય છે કે જેઓ આપણી સ્થિતિ સુખી હોય છે અથવા તેઓ આપણા પાસેથી કંઇ મેળવવાની આશા રાખતા હોય છે ત્યાંસુધી આપણી સાથે મૈત્રી રાખે છે અને આપણે નબળી સ્થિતિમાં મુકાઇએ છીએ કે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તરતજ આપણો પરિત્યાગ કરવામાં એક ક્ષણનો પણ વિલંબ કરતા નથી. વૉશીંગ્ટને એક સ્થળે લખેલું છે કે "True friendship is a plant of slow growth, and must undergo and withstand the shocks of adversity before it is entitled to the appellation." "મિત્રતારૂપી લતા ધીમે ધીમે વૃદ્ધિ અને વિસ્તાર પામે છે, અને તે નામ ધારવાને અધિકારી બને તે પહેલાં તેણે વિપત્તિના આઘાત સહન કરવા જોઇએ અને તેની સામા થવું જોઈએ."

આ સંબંધમાં નીચેનું દૃષ્ટાંત લક્ષમાં રાખવા યોગ્ય છે. એક ગૃહસ્થ હમેશાં એમ ધારતો કે મારે પુષ્કળ માણસોની સાથે સાચી મિત્રતા છે; પરંતુ જ્યારે તેણે તેની સર્વ મિલ્કત ગુમાવી ત્યારે જે લોકો તેના પર દેખીતી રીતે અપ્રતિમ સ્નેહભાવ રાખતા હતા તેઓએ તેને તરતજ ત્યજી દીધો, અને તે બિચારાને તેઓની સ્નેહશૂન્યતાથી એટલું બધું દુઃખ થયું અને તે એટલો બધો હતાશ થઇ ગયો કે છેવટે તે તેનું માનસિક સમતોલપણું ગુમાવી બેઠો; આવી દુઃખદ અને નિરાધાર અવસ્થામાં થોડા સાચા મિત્રો તેને મજબૂત વળગી રહ્યા. જ્યારે તેણે તેનું સર્વસ્વ ગુમાવ્યું અને તેનો ધંધો અટકી ગયો ત્યારે તેના બે જુના નોકરોએ તેઓની પાસે યત્કિંચિત્ હતું તે તેને આપ્યું અને તે વડે વ્યાપારનો પુનઃ આરંભ કરવાને તેને આગ્રહપૂર્વક વિનતિ કરી. તેનો એક બીજો સ્નેહી જે તેને માટે કામ કરતો હતો તે પણ ઉક્ત મનુષ્યના આપત્સમયમાં કર્ત્તવ્યનિષ્ટ રહ્યો અને પોતાની પાસે જે કંઇ હતું તે તેને આપી તેણે ખરેખરો મિત્રધર્મ બજાવ્યો. આ સત્ય મિત્રોની મિત્ર–ભક્તિના બળથી તેણે તેની અસલ સ્થિતિ પુનઃ મેળવી અને ઘણા અલ્પ સમયમાં પહેલાંના જેવો દ્રવ્યવાન થઇ ગયો.

જેઓ મિત્રતાને આધારે વ્યાપાર કરે છે, જેઓ મિત્રતાનો એક મહાન સાધન તરીકે ઉપયોગ કરે છે અને તમારી સાથે મિત્રતા કરવામાં જેઓનો સ્વાર્થ સમાયલો છે એવા લોકો વિશ્વસનીય નથી; કેમકે તેઓ પોતાનો અંગત સ્વાર્થ સાધવાના હેતુથી તમને એક સાધનરૂપ બનાવી શકે છે. સાંપ્રત સમયમાં આવા પ્રકારના મનુષ્યો જ્યાં ત્યાં મળી આવે છે; માટે તેવા મનુષ્યોથી ચેતીને ચાલવામાં જ શ્રેય છે.

(અપૂર્ણ)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# દુર્જન સ્વભાવ.

રચનાર—રા. રા. "ગુણગ્રાહી" —ભાવનગર.

મનહર.

નિમ્બતણું[1] વૃક્ષ વાવી સાકરનો કયારો કરી,
ક્યારો ભરી રાખો અહોનિશ[2] નિત્ય મધથી;
હમેશ પલ્લવોપરે દુધ ખુબ છાંટ્યા કરો,
નિકટમાં[3] ચારે પાસ આમ્રવૃક્ષ[4] વાવજો;
લીંબોળી ન તોય કદી નિમ્બતણી મીઠી થાય,
કટુતા[5] સહજ કોટિ[6] ઉપાયથી જાય ના;
દુર્જન ન તેમ કદી આર્ય વાણી બોલનાર,
ભલે મીઠી વાણી સુણે સજ્જનના સુખથી. ૧

કાકને[7] પ્રીતિથી પાળો, સુવર્ણપંજરે[8] રાખો,
આમ્ર અને મીઠા મીઠા મેવા ખવરાવીએ;
ગંગાતણું જલ પીવા આપો ભલે પ્રેમથકી,
મીઠી મીઠી વાણી તેની પાસ નિત્ય બોલીએ;
પણ કાક કાક રહે, કોયલ ન કદી થાય,
સહજ સ્વભાવ કોટિ ઉપાયથી જાય ના;
દુર્જન ન તેમ કોટિ ઉપાયે સજ્જન થાય,
ભલે રહે સજ્જનના નિત્ય તેહ સંગમાં. ૨

સાબુતણો રાશિ[9] લઈ, ગંગાતણા તટે[10] જઈ,
રાસભને[11] ખંતથકી ખુબ નવરાવીએ;
મખમલતણું કદી પલાણ કરાવી અને,
બીજા શણગારથકી બહુ જ સજાવીએ;
પણ તે રાસભ કદી તીખો[12] ન તોખાર[13] થાય,
ભલે તેમ કરવા ખ-ભૂમિ[14] એક કરીએ;
ઉપદેશ આપો ભલે દુર્જનને અણમૂલા,
પણ તે સજ્જન થાય નહિ આ જનમમાં. ૩

૧ લીંબડાનું. ૨ રાત્રિ દિવસ. ૩ તેની નજીક. ૪ આંબાનું ઝાડ. ૫ કડવાશ. ૬ કરોડ. ૭ કાગડાને. ૮ સોનાના પાંજરામાં. ૯ ઢગલો. ૧૦ કિનારે. ૧૧ ગધેડાને. ૧૨ તેજી. ૧૩ ઘોડો. ૧૪ આકાશ અને પૃથ્વી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# જૈન બેંક સ્થાપવાની અગત્ય.

આ પ્રશ્ન જૈનકોમ કેટલાંએ વર્ષો થયાં ચર્ચ્યા કરે છે, પરંતુ કમનસીબે કહો, કે કાર્યદક્ષતાના અભાવે કહો, કે પછી સ્મશાન–વૈરાગ્ય ધરાવનારા આગેવાનોના પ્રતાપે કહો–ગમે તે કારણસર દશવર્ષ અગાઉ મળેલી કોન્ફરંસોની રંગભૂમિ ( Platform ) પર અનેક ઉપનય પૂર્વક આ વિષયને અંગે–બેંક સ્થાપવાની જરૂર વિષે લાંબા લાંબા ભાષણો કર્યા પછી પણ એ કામ વ્યવહારૂ રીતે (Practically) હાથ ધરવામાં આવ્યું નથી, એ જાણી કયો સાચો જૈન દીલગીર થયા વગર રહેશે? એક વસ્તુના–કાર્યના પ્રત્યક્ષ લાભો સમજાય છે છતાં તેનો અમલ કરવામાં વિલંબ શામાટે સેવવો જોઈએ ? શામાટે તે પ્રશ્ને વ્યવહારૂ રૂપ ન પકડયું ? અથવા, શું એક કોન્ફરન્સના મંડપમાં જે જે વિષયપર ઉહાપોહ કરવામાં આવ્યો હોય તે તે વિષયમાં ઉત્ક્રાંતિ જોવામાં આવતી નથી ? અરે ! ઉત્ક્રાંતિને બદલે અપક્રાંતિ કેમ થઇ રહી હશે ? આનું કારણ સ્પષ્ટ છે; અને તે એ કાં ન હોય કે કોમના નેતાઓમાં કર્તવ્યપરાયણતાની ખામી હોય ? અગરતો તેઓ કર્મવીર ન હોય, યાતો કાર્યદક્ષ ન હોય, કિંતુ માત્ર ભાષણો કરાવી યા ઠરાવો પસાર કરી પોતાની સેવાની પૂર્ણાહુતિ માની સ્વસ્થાને સીધાવનારા કાં ન હોય ? લેખકને માનવાને ઉપરોક્ત કારણ મળે છે અને તે માને છે કે ઉપર દર્શાવેલ દોષોથી નેતાઓ વંચિત નથી તેનુંજ આ પરિણામ હોઇ શકે.

**જૈનોની નાણાવિષયક સ્થિતિ**

વિષે વિચાર કરતાં આપણને માનવાને કારણ મળે છે કે તે અન્ય કેટલીએક કોમોના પ્રમાણમાં સારી છે–વધારે સારી છે. તેમ માનવાને અનેક કારણો છે. પ્રથમ તો જૈન કોમનો મ્હોટો ભાગ વ્યાપારી છે, ભારતના વ્યાપારનો મોટો ભાગ જૈન કોમે પોતાના હાથમાં લીધેલ છે. આપણે ઘણે ઠેકાણે ભિન્નભિન્ન વ્યવસાય કરનારા માણસોને પૂછીએ છીએ ત્યારે મ્હોટે ભાગે જવાબ મળે છે કે " અમે જૈન છીએ. " આ પરથી માની શકાય કે સામાન્ય રીતે જૈનોની વ્યાપારવિષયક પ્રવૃત્તિ હમેશાં આગળ પડતી છે. ખાસ કરીને મારવાડી વર્ગ કે જેણે દેશની દોલત ( લોકો તરફથી થતું ઉપહાસ્ય સહન કરીને પણ ) સાદાઇ–સ્વાવલંબીપણું આદિ ગુણો વડે અદ્યાવધિ સાચવી રાખેલ છે, એ વર્ગ જ્યાં જોશો ત્યાં મોટે ભાગે જૈન જ હશે. એક વખતે હિંદના એક વાઇસરૉયે કહ્યુ હતું કે " જૈનકોમ પાસે અઢળક દ્રવ્ય છે " જો કે એકાદ મોટા અમલદારના માત્ર કથન ઉપરથી માની લેવાનું નથી, તો પણ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એવો સામાન્ય નિયમ છે કે જેના હાથમાં વ્યાપારની લગામ હોય છે તે કોમ એકંદર પૈસાપાત્ર ગણાય છે. તદનુસાર જૈન કોમની નાણાવિષયક સ્થિતિ સારી છે એમ માની શકાય. ઉપરાંત આરતિના ઘી, વરઘોડા, રથયાત્રાઓ, સામૈયા, સાધુ પદવીપ્રદાન, તીર્થોની રચનાઓ, નોકારસી, સ્વામિવાત્સલ્યના જમણો, નાતવરાઓ, સંઘ કાઢવા, વિગેરે કાર્યોમાં જૈનોના દ્રવ્યનો મ્હોટો ભાગ ખર્ચાય છે. જો નાણાવિષયક સ્થિતિ સારી ન હોય તો આવા મહાન ખર્ચો કરવા છતાં આ કોમ કેમ સારી દેખાય ? આ સ્થિતિ સામાન્ય જૈન કોમને ઉદ્દેશીને લખેલી છે તે લક્ષમાં રાખવાનું ભૂલવું જોઇતું નથી.

**જૈનોના પૈસા આજના જમાનામાં ભંડારોમાં શા માટે સડવા જોઇએ ?**

આ પ્રશ્ન ખરેખર વિચારવા યોગ્ય છે. એક તરફ આરતિઓના ઘી બોલવામાં આવે અને તેના પઇસા ભંડારમાં નંખાય. ઠીક, હવે બીજી તરફ લક્ષ્ય કરો, કે એક જૈન બંધુ ગમે તેવી કફોડી સ્થિતિ ભોગવતો હોય, અરે ! મરણ પથારીએ પડેલો હોય તો પણ એ ભંડારમાંથી એ દ્રવ્યનો વિનાશ ન થતાં રક્ષણ થતું હોય છતાં એક દમડી પણ જૈન ભાઇના આરોગ્યાર્થે આપી શકાય નહિ, અને આ રીતે ભંડારોમાં નાણા એકત્ર થયા કરે એ કયો વિચારક જૈન પસંદ કરશે ? જૈન બંધુઓ મોટે ભાગે દાસ્યવૃત્તિ ભોગવતા હોય, અરે ! બે ટંક પુરૂં ખાવાનું પણ મળતું ન હોય ( પહેરવા ઓઢવાની તો વાત જ શી ? ) સારા ઉદ્યોગ–ધંધાની લાઇન પર ચડી શકયા ન હોય, એવી હાલતમાં તેઓને માટે ઔદ્યોગિક સંસ્થાઓ સ્થાપી પગભર ન બનાવી શકાય ! જૈનકોમનો મોટો ભાગ નોકરીયાત વર્ગ તરીકે જોવામાં આવતો બંધ ન પડે અર્થાત્ તેને વ્યાપારપરાયણ બનાવી ન શકાય ત્યાંસુધી **આરતિનાં ઘી બોલવાં, સ્વામિવાત્સલ્યનાં જમણો કરવાં, મ્હોટા ઠાઠમાઠથી પદવીપ્રદાન કરવાં,** યા તો **તીર્થ રચનાઓ,** અને અઠ્ઠાઇમહોત્સવોમાં જ મોટા ખર્ચ કરવા અને જૈનોની સ્થિતિ માટે કાંઇ પણ ન કરવું એ લેખકના માનવા પ્રમાણે **તદ્દન અનુચિત છે.** “ જે પ્રસંગે જે ઉચિત હોય તે પ્રસંગે તે કરવું એ શ્રીમન્મહાવીરનું પવિત્ર ફરમાન છે ” તે છતાં ઉપરોક્ત ક્રિયામાં–કાર્યોમાં કશો ફેરફાર હાલમાં કરી શકાય તેમ લાગતું ન હોય તો સારૂં તે છે કે દેવમંદિરો વિગેરેમાં જે દ્રવ્ય એકઠું થાય છે તે કોઇ બેંકમાં ન સ્થાપન કરતાં **જૈન બેંક** સ્થાપી તેમાં રોકવામાં આવે તો અન્ય બેંકો મોટો નફો કરે છે તેમ જૈન બેંક પણ સારો નફો અવશ્ય મેળવી શકે, અને તેવા પ્રકારનાં નાણાંનું રક્ષણ થાય અને તેમાં વૃદ્ધિ પણ થાય.

આ પ્રશ્નને હાલના વખતમાં લોકોનાં હૃદયમાં અવશ્ય સ્થાન મેળવ્યું જ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**જૈન કોમ વ્યાપારી કોમ હોવા છતાં પોતાનાં નાણુંનો વહીવટ કરી જાણતી નથી શું ?**

હોય તેનાં કારણો સ્પષ્ટ છે. કોમના નેતાઓ મ્હોટે ભાગે વ્યાપારી હોય, સારા આબરૂદાર હોય, કળવકળ ધરાવતા હોય, છતાં તેઓ પોતાના જાતભાઈઓ તરફ લાગણી ન રાખતાં અન્ય બેંકોમાં પોતાનો પૈસો શા માટે જમા કરાવવાનું ઉચિત સમજતા હશે ? શું પોતાનાં નાણુંનો વહીવટ જૈન બેંક સ્થાપી તેઓ ચલાવવા ધારે તો ન ચલાવી શકે ? અલબત, ચલાવી શકે જ. કોમના બંધુઓની હાલમાં અતિ દયાજનક સ્થિતિ જોતાં છતાં જૈન બેંક સ્થાપવાને તેઓને કેમ વિચાર થતો નહિ હોય ? અગર થતા વિચારને કેમ વ્યવહારમાં નહિ મુકી શકતા હોય ? આનું કારણ વિચારતાં જણાય છે કે જૈન વિદ્વાનોએ જૈન બેંકનો પ્રશ્ન જેમ બને તેમ વધુ દૃઢતા પૂર્વક ચર્ચવાની તસ્દી લીધી નથી એ શોચનીય છે; કેમકે એ વિષયની ચર્ચા દ્વારા સમગ્ર જૈન કોમનું ધ્યાન તે તરફ ખેંચવા જેટલો એ વિષયનો ઉહાપોહ થાય તેમ કરવાની જરૂર છે. વર્ષમાં એક વાર કોન્ફરન્સના મંડપની રંગભૂમિપર જૈન બેંક સ્થાપવાની જરૂરના ઠરાવ માત્રથી જૈન શ્રીમંતોની આંખ ઉઘડી જાય, અગર તો તે દ્વારા પોતાના બંધુઓનું કલ્યાણ કરવાની ભાવના તીવ્ર થાય એ માનવા યોગ્ય જણાતું નથી. આ પરથી સમજી શકાશે કે પોતાનાં નાણુંનો વહીવટ કોમના નેતાઓ અવશ્ય સારી રીતે કરી શકે; પરંતુ આ વિષયમાં તેઓને રસ ઉત્પન્ન કરાવવા જેટલી તક વિદ્વાન વર્ગે લીધી હોય તેમ સુદ્દલ લાગતું નથી. જૈન બેંક જેવો એક કોમી સવાલ પણ છૂટથી ચર્ચવામાં ન આવે, અને તે વિષય પર જુદા જુદા વિદ્વાનો યુક્તિપુરઃસર લેખો લખી તેના લાભો લોકોને બતાવી શકવા જેટલી પણ તક ન લે તો પછી કહો ભલા ! તે પ્રશ્ને વ્યવહારૂ સ્વરૂપ છેલ્લાં દશથી પંદર વર્ષમાં લેશ પણ લીધું ન હોય તેમાં શું આશ્ચર્ય ? અસ્તુ ! એક વ્યાપારી બુદ્ધિ ધરાવતું મગજ આગળ વધેલું હોય એમ તો સામાન્ય રીતે માની શકાય તેમ છે, છતાં જૈનો આ વિષયમાં વિશેષ ગતિમાન્ થઈ શક્યા નથી તેનાં કારણો પૈકી એકાદ પુખ્ત કારણ ઉપર જણાવ્યું તે છે. ખરૂં કહીએ તો કોન્ફરન્સમાં ઠરાવ રજુ કરવાની હાલની પ્રણાલિકા પસંદ કરવા લાયક નથી. જેણે જે વિષયનો સારો અભ્યાસ કર્યો હોય, અને જે મનુષ્યનું મગજ જે વિષયમાં કંઇક કરી શકે તેવું લાગતું હોય તેવા મનુષ્યને જ તે વિષયનો ઠરાવ રજુ કરવાનું તેમજ તે પર વિવેચન કરવાનું કાર્ય સોંપાવું જોઇએ.

આ પ્રશ્ન ઘણો વિચારવા યોગ્ય છે. ભલા ! કહો તો ખરા ! આપણા ઘરની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**જૈનોના પૈસા શા માટે બીજી બેંકોમાં મૂકાવા જોઇએ ?**

મીલ્કત (આપણી અશક્તિથી) બીજાને સંભાળવા આપીશું ? અરે! શું આપણામાં એટલું આત્મબળ નથી ? એટલા પણ આપણે સ્વાશ્રયી નથી ? અને એટલા પણ આપણે આપણા પોતાના જ પગપર ઉભા રહી શકીએ એવી સ્થિતિમાં નથી શું ? કે જેથી આપણાં નાણાં બીજો સાચવે ત્યારે સચવાય. અર્થાત્ આપણાં નાણાં બીજી (જૈન બેંક સિવાય) બેંકોમાં મુકવા જેવો પ્રસંગ આવે. ખરેખર, એ આપણી નિર્બળતાનું ચિન્હ છે. અરે ! બીજી બેંકોમાં નાણાં મુકવાથી—એટલે કે જૈન બેંક સ્થાપી તેમાં નાણા નહિ મુકવામાં આવ્યાથી આપણી કોમ પ્રત્યેની મહાન્ ફરજનો લોપ જ કરીએ છીએ. જૈન બેંક સિવાય બીજી બેંકમાં નાણાં મુકવાથી જે જે મહાન્ લાભો થવાના સર્જાયાં હોય, અથવા તો જે પ્રત્યક્ષ લાભો થવાના હોય તે અટકી પડે છે, અને કોમ દિનપ્રતિદિન કફોડી સ્થિતિમાં મુકાય છે. આ પરથી વિચારશીલ જૈન શ્રીમાન્ તો જૈન બેંક સ્થાપવામાં આવે તો તેમાં જ પોતાનાં નાણાં રોકી "એક પંથ ઔર દો કાજ" જેવો લાભ મેળવવા તત્પર બને.

**જૈન કોમ તરફથી બેંક સ્થાપવામાં આવે તો તેના લાભો—**

વિષે વિચાર કરતાં જણાય છે કે તેમાં અનેક લાભો સમાયલા છે. તે બેંકમાં જે નફો થાય તે મોટા પ્રમાણમાં થવા સંભવ છે. તે સમગ્ર લાભ (Jain Fund) જૈન ફંડ જેવી (ભાવિ) થનારી નવી સંસ્થામાં જમા કરવામાં આવે તો તે દ્વારા જૈનોના સામાજિક પ્રશ્નો ઉપાડનારી—The Servants of Jains' Society જેવી ઘરખમ સંસ્થા કેટલી મજબૂત, પગભર અને આબાદ દશા ભોગવતી બની શકે? તે ઉપરાંત એ ફંડમાંથી જૈન કોન્ફરન્સ પણ પોતે ઉપાડેલાં કેટલાંએક અગત્યનાં કાર્યોમાં છુટે હાથે ખર્ચ કરી શકે. અરે! વધારે વિસ્તારથી લખવાની જરૂર નથી. માત્ર સંક્ષેપમાં આટલું જ કહીએ તો બસ છે કે જૈનોની આર્થિક સ્થિતિનો પ્રશ્ન શોચનીય બની રહ્યો છે તે મજબૂત, બળવાન્ અને આબાદ દશા ભોગવતો જોવામાં આવશે. કોમના લોકોનો મોટો ભાગ દુઃખદ સ્થિતિ ભોગવતો જોવામાં આવે છે તે જોવામાં નહિ આવે; કિંતુ જૈનો પોતાની આર્થિક સ્થિતિ, અર્થાત્ સમગ્ર પ્રશ્નોમાંનો મુખ્ય પ્રશ્ન, બલવત્તર બનાવી શકવાને લીધે ભારતની અન્ય કોમોની સંફમાં પોતાનું સ્થાન બરાબર રીતે સંભાળી શકશે.

જૈનોનો જે વર્ગ બેંકિંગ—બેંક સંબંધી વ્યવહારમાં સારો અનુભવ ધરાવતો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**બેંકિંગ વ્યવહાર કોણે હાથમાં લેવો જોઈએ ?**

હોય તથા જેઓએ સારૂં જ્ઞાન સંપાદન કર્યું હોય, તેમજ કોઈ સારી બેંકમાં રહીને તત્સંબંધી જ્ઞાન વ્યવહારૂ રીતે મેળવ્યું હોય તેવા લોકોને જ એ અધિકાર સોંપવો જોઇએ. આટલું લક્ષમાં રાખવાનું છે કે તેઓમાં કેટલાએક વ્યવહારિક ગુણો--પ્રમાણિકતા, સાવધાનતા, ચીવટ, ચોખ્ખાઈ અને ખંતીલાપણું ઇત્યાદિ દૃશ્યમાન થતા હોવા જોઈએ. આવા ગુણવિશિષ્ટ અધિકારી જનને પ્રાપ્ત કરવામાં ન આવે તો બેંક સંબંધી કામ સફળ થવાની આશા ઓછીજ રાખી શકાય. બેંકની ફતેહનો સમસ્ત આધાર બેંકીંગ જ્ઞાન ધરાવનાર અને વ્યવહારકુશળ મેનેજર પર રહેલો છે. આપણી કોમમાં એવા અધિકારી જનો મળી શકે તેમ છે. ઉપરોક્ત ગુણવિશિષ્ટ રા. રા. ગુલાબચંદ ઢઢ્ઢા એમ. એ. એસનો બેંક સંબંધી અનુભવ ઘણો ઉંડો છે. તેવા ગૃહસ્થને આ કાર્યના નાયક બનાવવામાં આવે તો નિઃસંશય ફતેહ મેળવી શકાય.

**સદ્ધર ડાયરેકટરો શું જૈન કોમમાંથી ન મેળવી શકાય?**

બેંકની જોખમદારી શિર લેવા માટે પ્રમાણિક, વિશ્વાસુ, વ્યવહારકુશળ, આબરૂદાર અને લોકપ્રિય ડાયરેકટરોની જરૂર છે. આવા ડાયરેકટરો આપણી કોમમાંથી જોઇએ તેટલા મળી શકે તેમ છે. લોકોની સંપત્તિનો સદુપયોગ કરવા સાથે તેનો લાભ પણ બરાબર આપી તેઓનું ધન સાચવવાનું કામ એવી રીતે કરવું જોઇએ કે જૈન કોમ ઉપરાંત અન્ય કોમોને પણ આ બેંકના કાર્યભાર માટે ‘ વાહવાહ ’ શબ્દ ઉચ્ચારવા પડે, એટલુંજ નહિ પણ ઉંચા પ્રકારનું પ્રમાણિકપણું જોઈને તેઓ પણ આપણી બેંકોમાં પોતાણું નાણું રોકવા લલચાય.

**જૈન કોમની આવી કફોડી સ્થિતિ થવાનું કારણ શું ? જૈન બેંકની ગેરહાજરી.**

ઉપરના પ્રશ્નનો ઉત્તર પણ આપી દેવામાં આવેલ છે; પરંતુ તે શી રીતે ? તે ઉત્તરમાં કેટલું વજુદ છે ? તત્સંબંધી ઉલ્લેખ કરતાં જણાવવું જોઇએ કે જૈનોની કફોડી સ્થિતિવિષે ભાષણ રાખવામાં આવ્યું હોય તો ભિન્ન ભિન્ન વક્તાઓ જુદા જુદા વિચારો રજુ કરે; પરંતુ ‘બેંકની ગેરહાજરી’ નો વિચાર પણ તેમાં આવ્યા વિના રહે જ નહિ. સ્વતંત્ર બેંક તરફ ખેંચાવાનું કારણ એ છે કે બેંક પ્રતિવર્ષ જે મોટો નફો કરે તે નફાની રકમવડે સંખ્યાબંધ જૈનોને ઔદ્યોગિક માર્ગપર લઈ જઇ શકાય, ઘણા યુવકોને સ્વાવલંબી બનાવી શકાય; અને તેમ થતાં કેટલાએક તો સ્વતંત્ર ધંધો ઉઘાડી શકે, એ સર્વનો વિશેષ ખ્યાલ વિચારપરંપરામાં ઉતરતાં આવી શકે તેમ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આપણી કોમનાં ટ્રસ્ટ ફંડો કેટલાં છે તેની નોંધ કરવામાં આવી જણાતી નથી.

**જૈન ટ્રસ્ટ ફંડોની સ્થિતિ.**

એક સ્થળે જણાવવામાં આવ્યું હતું કે, મુંબઇ ખાતેના જૈન ટ્રસ્ટ ફંડોની રકમ સાડા ત્રણ કરોડ ઉપરની થવાજાય છે. આવા ટ્રસ્ટ ફંડોની સ્થિતિ ઘણેખરે સ્થળે તો એટલી ખરાબ હોય છે કે ટ્રસ્ટડીડ જેના નામનું કરેલું હોય તે ધણી સુધાં રકમનો હક્કદાર થઇ શકતો નથી. આનું કારણ કોઇ કોઇ સ્થળે એ હોય છે કે કેટલાએક ટ્રસ્ટીઓની બુદ્ધિ બગડતાં તેઓ તેના સાચા માલીકોને સાત પાંચમાં જ રમાડતા હોય છે અને આખરે તે મીલ્કત પોતે જ પચાવી પાડે છે.

આ રીતે રકમને સમૂળગી ગુમાવવા કરતાં જૈનો પોતાનાં ટ્રસ્ટફંડો સ્થાપવામાં આવનાર બેંકમાં જમા શામાટે ન કરાવે ? લેખક હિંમત પૂર્વક કહી શકે છે કે, ટ્રસ્ટફંડો બેંકમાં જમા કરાવવામાં આવે તો તેની સલામતી માટે લેશ માત્ર પણ શંકાશીલ થવાનું કારણ નથી, આ પરથી એમ કહેવાનો આશય નથી કે પોતાનું નાણું ટ્રસ્ટીઓને સોંપવું નહિજ, પરંતુ ઉપર જે કહેવામાં આવ્યું છે, તે જનસમાજને ઉદ્દેશીને સામાન્ય રીતે કહેવામાં આવ્યું છે, અને તેમ કહેવામાં હેતુ માત્ર એ છે કે, હાલમાં કેટલેક સ્થલે ટ્રસ્ટીઓમાં પ્રમાણિકપણાના અભાવે બહાર આવતાં ભોપાળાઓથી બચવાનું જૈન બેંકજેવી સ્વતંત્ર બેંક એ ઉત્તમ સાધનમાલુમ પડે છે.

**જૈન શ્રીમંતો પોતાના પૈસા કયાં મૂકે છે ?**

એતો ચોક્કસ છે કે, જેની પ્રમાણિકતા વિષે દ્રઢ વિશ્વાસ હોય છે, તેની નજરમાં સર્વસ્વ અર્પણ કરતાં પણ અચકાવું પડતું નથી, અને એ નિયમથી જૈનો પોતાના પૈસા મ્હોટે ભાગે વ્યાપારમાં રોકે છે. હાલની વિશ્વાસપાત્ર બેંકોમાં પણ કેટલાએક લોકો રોકે છે અને બેંકના ધારા મુજબ જે વ્યાજ મળતું હોય તે લઇ સંતોષ માને છે, અસ્તુ. જેને જે રૂચે તે તે પ્રમાણે કરે એ વાત યથાર્થ છે, પરંતુ અન્ય બેંકોમાં ન મૂકતાં જૈન બેંક, સ્થાપન કરી તેમાં મૂકવાનું ઉચિત સમજે તો ઈકોનોમિક પ્રિન્સીપલથી–અર્થ શાસ્ત્રના નિયમથી યાતો લૌકિક કહેવત "એક પંથ ઔર દો કાજ" મુજબ દો કાજ–બે કામ તો શું પણ અનેક કામો સધાવા સંભવ છે, વ્યાપારપરાયણ જૈન કોમ આ લાભ વિચારી શકવા જેટલું મગજ ધરાવતી નહિ હોય ?

**જૈન બેંકના પૈસા દ્વારા કોમને વ્યાપારી ન કરી શકાય ?**

અલબત ! વ્યાપારને ખીલવવા મૂડી, આવડત, અને સાહસિક મગજની જરૂર છે. આ ત્રિપુટી થોડે ઘણે અંશે અદ્યાવધિ જૈનકોમ સાચવી શકી છે, તેના પ્રમાણ તરીકે જ્યાં ત્યાં જૈન વર્ગ વ્યાપાર કરતો જોવામાં આવે છે તેજ બસ ગણાશે. પરંતુ લેખકને ભય રહે છે કે, આ ત્રિપુટી હવે કોમના બંધુએ પાસે ટકશે કે કેમ ? કારણ કે જે કોમે પોતાના લાભો ચાલુ પ્રવૃત્તિમય જમાનામાં મોટ-

For Private And Personal Use Only

રના વેગે સંપાદન કરવા જોઈએ, એ સમયમાં રગસીયાં ગાંડાની પેઠે ગતિ કરી રહી હોય તે આગળ વધવાને બદલે પછાતજ પડતી રહે એમાં સંશય જેવું શું છે ? લેખક માને છે કે આ જમાનામાં વ્યાપારની દ્રષ્ટિએ જૈન કોમ બીજી કોમની હરોલમાં ઉભી રહેવા, અરે ! તેથી પણ આગળ વધવા તે પ્રયત્ન કરશે તો ટકી શકશે, નહિતર તેની હયાતી માટે પણ સંશય થવા યોગ્ય હકીકત છે. આ પરથી કોમની લાગણી ધરાવનાર નેતાઓએ-સાચા સેવકોએ જૈનોને વિધવિધ ઉદ્યોગો-હુન્નરો અને કલાઓના વિકાસ અર્થે દ્રવ્ય ધીરવું અને તેનું રીતસર વ્યાજ લેવું, અને એ રીતે સ્વધર્મ બંધુઓને-જૈનોને વ્યાપારી જીવન ગુજારતા બનાવી શકાય એ સીધે સીધું છે.

**જૈનો! બેંકિંગ અભ્યાસ કેમ કરતા નથી ?**

આ પ્રશ્ન ઉપસ્થિત થાય એ સહજ છે, તેના ઉત્તરમાં કહીશકાય કે તેઓનો મ્હોટે ભાગે જીવનનો ઉદ્દેશ કોઇ ચોક્કસ નિયત કરેલો હોતો નથી. કારણ કે ' બેંકિંગ અભ્યાસ, એ શું છે ? એથી શા શા લાભ પ્રાપ્ત થાય છે, સમાજ સાથે તેનો શો સંબંધ છે ઇત્યાદિ વિચારો કરવાનું બની આવે તો તેના તરફ લોકવૃત્તિ ખેંચાવા પામે અને પરિણામે તેનો પદ્ધતિસર અભ્યાસ કરવાનું બની શકે, પરંતુ જ્યાં કોઈ પણ પ્રકારનો ઉચ્ચત્તમ આદર્શ ધારી રાખવામાં આવ્યો ન હોય ત્યાં બેંકિંગ અભ્યાસ જેવું ઉચ્ચ દરજ્જાપર લઈ જનારૂં સાધન શું ઉપયોગનું ? આ વિષયનો અભ્યાસ નહિ થઇ શકવાના અનેક કારણો છે. કોમમાં આ વિષયના અભ્યાસ માટે કશું સાધન નથી, પ્રોત્સાહન નથી, સહાયતા નથી. દુઃખ દાવાગ્નિમાં ગરીબાઇમાં સપડાયલી જૈન પ્રજા ઉંચું માથું કરી શકે તેવી હાલત જોવામાં આવતી નથી.

**બેંકો દર વર્ષે કેટલો નફો કરે છે, એ વિષેનો વિગતવાર અહેવાલ.**

આ અહેવાલ પ્રકટ કરવો એ આંકડા શાસ્ત્રીનું કામ છે, આ પ્રશ્નનો ઉત્તર વર્તમાન પત્રોના નિયમિત વાચકો તુરત પ્રાપ્ત કરી શકે તેમ છે, કે દરેક બેંકો પોતાનો અહેવાલ-વાર્ષિક સરવૈયું ઇત્યાદિ દરવર્ષે પ્રકટ કરે છે, કેટલીક તો માસે માસે અને કેટલીક તો દર અઠવાડીયે પોતાના બેલેન્સશીટ તૈયાર કરી જાહેરની જાણ માટે પ્રજા સમક્ષ વર્તમાન પત્રોમાં રજુ કરે છે. આ વિષયના આંકડા વાંચનાર વ્યક્તિને માલુમ પડયા વગર રહેજ નહિ કે, બેંક દરવર્ષે કેટલો સારો નફો મેળવે છે. વૃદ્ધ પુરૂષોના અનુભવ સાંભળવાથી. બેંકોના નફા-ટોટા વિષેની વિગત નિયમિત રીતે વાંચવાથી લેખકને અનુભવ થયો છે કે એકંદર બેંકો નફોજ કરે છે, નુકશાન થવાનો સંભવજ કવચિત છે, હા, નુકશાની ત્યારેજ થવાનો સંભવ રહે કે જ્યારે ખુદ બેંકના મેનેજરનો કાર્યભાર ગોટાળાવાળો હોય, ખોટા બેલેન્સશીટો તૈયાર કરી જાહેર ને વિશ્વાસ બેસાડવા જેવું

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પગલું ભર્યા કરે, બેંકના પૈસાથી મર્યાદા વિનાનો સટ્ટો–જુગાર ઇત્યાદિ રમે, ત્યારેજ, અન્યથા બેંકમાં નુકશાની કદિપણ સંભવેજ નહિ, સને ૧૯૧૩–૧૪ ના અરસામાં મુંબઈની કેટલીએક સ્વદેશી બેંકો ભાંગી પડી હતી, તેનાં કારણો વસ્તુતઃ ઉપર દર્શાવવામાં આવ્યાં છે તેજ હતાં.

**શું જૈનકોમનો મ્હોટો ભાગ નોકરીયાત રહે એવું ઇચ્છો છો?**

મનુષ્યનું જીવન સદૈવ નોકરી કરવા માટે નથીજ, જીવનનો ઉદ્દેશ સમજી તેની સિદ્ધિને અર્થે કદાચ અમુક સમય તે (નોકરી) ગ્રહણ કરવી પડે તો સ્વાવલંબી થતાં પુનઃ તે છોડી દેવી જરૂરની છે, જૈન નોકરવર્ગને વ્યાપારમાં રસ લેતો કરવો એ શું જૈન વ્યાપારીઓનું સ્વધર્મી બંધુઓ તરીકેનું કર્તવ્ય નથી? કદાચ કર્તવ્ય છે એમ ગણતા હો તો પછી તે મુજબ આચરણ કરી બતાવવામાં શા માટે આળસુ બનો છો? વસ્તુતઃ એકવાર નોકરીનો સ્વાદ લાગ્યા પછી તેને તિલાંજલિ આપવી એ કેટલીકવાર દુઃસહ થઇ પડે છે, કારણ કે હમેશાં આળસ અને ઉદ્યોગ એ બેમાંથી સામાન્ય વૃત્તિના મનુષ્યોના વિષયમાં હમેશાં આળસનોજ જય થાય છે. સ્વાવલંબિત્વ આવવા પામતું નથી, અને પરિણામે નોકરવૃત્તિના સંસ્કારો તેઓમાં દૃઢતાપૂર્વક મૂળ કરીને રહે છે, આ દોષ કેવળ નોકરોનો નથી, કિંતુ કેટલેક અંશે શ્રીમંત વર્ગપર પણ છે, અને મ્હોટે ભાગે શ્રીમંતજનોનું જીવન વિલાસપ્રિય બની જવાને લીધે આ અતિ ઉપયોગી અને નાની બાબતમાં પણ લક્ષ્ય રાખતા નથી, એ ખરી રીતે તેમને ઉચિત નથી. આમ કેમ છે? આનું કારણ શું? વિચારી જોતાં જણાય છે કે શ્રીમંતનો બાળક પુત્ર જ્યારે અભ્યાસ કરતો હોય છે ત્યારે ઘણે ભાગે તેને ઉચ્ચ સંસ્કારો મળતા નથી. તેની લાગણી સ્વધર્મી બંધુઓ તરફ વળે તેવું કશું પણ શિક્ષણ મળતું નથી, પરિણામે બેદરકાર બની વિલાસી જીવન ગુજારતા હોય છે, અને એથી શોચનીય બીજું શું હોય શકે?

**શું જૈનકોમમાં બેંકર્સ નથી?**

આ પ્રશ્નના ઉત્તરમાં જણાવવું યોગ્ય છે કે, બેંકર એટલે શું? કોઇ પણ બેંકમાં પોતાની મીલકત લેવા–મૂકવાનો જેઓ મહાન્ વહીવટ ચલાવતા હોય તે. જૈનકોમમાં આવા ગૃહસ્થોની સંખ્યા ઓછી નથી. શ્રીમંતોએ એ પ્રશ્ન લક્ષ્યમાં રાખવો જોઇએ કે; આપણા સ્વધર્મીબંધુઓનું જીવન ઉન્નત બનાવવાને આપણે કેટલા જવાબદાર છીએ? જવાબદારી સ્વીકારીને બેસી રહેવું એટલા માત્રથી કર્તવ્ય પરિસમાપ્તિ થતી નથી, કિંતુ જવાબદારીને ન્યાયપૂર્વક સમજી તદનુસાર વર્તવું એમાંજ એનું મહત્ત્વ છે, જૈન શ્રીમંતોનો મ્હોટો વર્ગ પોતાની લાગણીને જરા ધાર ચડાવે–પોતાના સ્વધર્મીબંધુઓ તરફની જવાબદારી ભરેલું વર્તન ચલાવે તો અવશ્ય જૈનકોમનો મ્હોટો ભાગ વ્યાપાર પરાયણ બને, આ હકીકત માટે જૈન-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બેંકરોએ સહેજસાજ કરવી પડતી ખટપટથી કંટાળી ન જતાં પોતાના નાણાની આપ લે સ્વતંત્ર જૈનબેંક કાઢીને કરે તો જરૂર તેઓને વ્યાજ પણ સારૂં મળે, અને સ્વધર્મીબંધુઓ તરફની પોતાની ફરજ પ્રશંસનીય રીતે બજાવી ગણાય. જૈન શ્રીમંતો-બેંકરવર્ગ આ મુદ્દાપર ઠંડેપેટે વિચાર કરશે કે ?

**જૈનોને અર્થશાસ્ત્રના અભ્યાસી થવાની જરૂર.**

અર્થશાસ્ત્રનો સામાન્ય-સર્વ સાધારણ અર્થ કરીએ તો થોડા પૈસાવડે અને થોડી મહેનતે વધુ મોટો અને સંગીન લાભ, આવો એક સ્થૂલ-નિયમ અર્થશાસ્ત્ર સંબંધી છે. ભલા ! આ નિયમનો અભ્યાસ જૈનોએ કર્યો નથી ? કહેવુંજ પડશે કે કર્યો નથી, શામાટે નથી ? કારણ એજ કે તેઓ ઘણું ખરૂં પૈસો કમાઇ જાણે છે પરંતુ તેના ( પૈસાના ) થોડા વ્યયદ્વારા સારૂં અને વધુ પ્રમાણમાં કાર્ય સાધી લેવું એવુ જ્ઞાન તેઓને હોતું નથી, અગર તો એ નિયમ તરફ તેઓ બે દરકાર હોય છે. હાલ જે પતિત દશા જૈનવર્ગમાં આવે છે તે તેનું પરિણામ હોય તેવું લેખકનું માનવું છે, અસ્તુ. આ બેદરકારીના ભયંકર રોગથી મુક્ત થવા માર્ગ કયો છે ? તેને લેખકની માન્યતા મુજબ કોમના દ્રવ્યનો ગેરવ્યય ન થવા દેવા સાથે જે દ્રવ્ય પરોપકારાર્થે-શુભખાતા અર્થે વાપરવા ધાર્યું હોય, તે સાથે તેનો વ્યય કોમના અતિ આવશ્યક કાર્ય માટે અર્થશાસ્ત્રના નિયમાનુસાર કરવો જોઇએ, આમ કરવાથી કોમની પ્રગતિ થવાને વધુ વખતની રાહ જોવાની જરૂર નહિ રહે. કિંતુ એક દશકામાં કોમનો મ્હોટો ભાગ ધનાઢ્ય તો નહિજ પરંતુ નોકરીયાત વર્ગનું પ્રમાણ ઘણું ઓછું થઇ સ્વાશ્રયી તો અવશ્ય થશેજ. અહા ! આથી મોટું કયું બીજું પુણ્ય ? આથી બીજો કયો પારમાર્થિક માર્ગ ? અવશ્ય આ માર્ગનું અનુસરણ વિચારપૂર્વક જૈનોએ કરવું જોઇએ, અને એટલાજ માટે અર્થશાસ્ત્રના જ્ઞાનનો પ્રસાર કરવા પગલાં લેવાવાં જોઇએ.

**જૈનોનું આવું વલણ કોને આભારી છે ?**

આ ગૂઢપ્રશ્નનો ઉકેલ કરવા જતાં નાનાં મ્હોટાં અનેક કારણો દૃષ્ટિએ પડે છે, સૌથી પ્રથમ વિચાર કરીએ તો જણાય છે કે આર્થિક હાનિમાં રોજ રોજ વધારોજ થયા કરે છે, જ્યારે એક તરફ આવકનું સાધન બહુમર્યાદિત કિંવા અલ્પ હોય ત્યારે બીજી તરફ મોજ શોખ અને વિલાસ પ્રિયતાના ખર્ચો વધતાં વિશેષ શોચનીય સ્થિતિ થઈ પડે એ દેખીતુંજ છે. વિશેષમાં ધાર્મિક માન્યતાઓને કેટલીક વખત અંધશ્રદ્ધાથી, કેટલાંક ફીઝુલ ખર્ચો દેખાદેખીથી પણ કરવાં પડે છે, અને તેથી પરિણામે સ્વધર્મી બંધુઓ તરફ ઉત્પન્ન થતી બેદરકારી ઈત્યાદિ દુર્ગુણોનો પ્રભાવ પડે એમાં શો સંદેહ છે ?

આ પ્રશ્નને અવકાશ ત્યાંસુધી જ છે કે જ્યાંસુધી કોમના શ્રીમંતોનું ધ્યાન

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**આખી જૈન કોમ વ્યાપારી કેમ ન હોય?**

સ્વધર્મીબંધુઓની સેવાર્થે તત્પર થયું ન હોય. જ્યારે સ્વાર્થાંધતા, વિલાસપ્રિયતા અને ધર્માંધતાના વધતા વ્યાધિઓનું બળ કમી થશે ત્યારે ઉપરના પ્રશ્નનો ફડચો અવશ્ય આવી જશે; અને તે આવતાં કોમનો મ્હોટો ભાગ વ્યાપારી બનવા પામશે, અને એમ બનતાં કોમની આર્થિક સ્થિતિ સરેરાશ ઠીક જોવામાં આવશે. આ ભવિષ્ય માટેની મુરાદો બાંધવામાં આવી, કિંતુ વર્ત્તમાનમાં તો ઉપર બતાવવામાં આવેલ દોષોનું સર્વથા નિકંદન કરવાની અનિવાર્ય અગત્ય જૈન શ્રીમંતોએ સ્વધર્મી બંધુઓના રક્ષણાર્થે અતિ આવશ્યક છે.

**કોમના કેટલાએક નેતાઓએ આ પ્રશ્ન વિષે કઈ કઈ કોન્ફરન્સોમાં પોતાની સહાનુભૂતિ દર્શાવી છે?**

જૈનોના ત્રણે ફીરકાનાં જુદાં જુદાં અધિવેશનો આજસુધીમાં ઘણાં મળેલાં છે, તેમાનાં ઘણાંખરાનાં પ્રમુખ મહાશયોના તેમજ વક્તાઓના મુખથી જૈન બેંકો સ્થાપવા વિષેના ઠરાવો લગભગ ઘણીખરી બેઠકોમાં પસાર થયા હતા, કિંતુ અદ્યાવધિ વ્યવહારૂ રૂપ આપવામાં જૈન કોમ કેમ પછાત પડી છે તે સમજી શકાતું નથી.

ઈ૦ સ૦ ૧૯૦૭ માં અમદાવાદ ખાતે મળેલાં જૈન શ્વેતાંબર કોન્ફરન્સના અધિવેશન પ્રસંગે પ્રમુખસ્થાનેથી રાય સિતાપચંદજી નાહારે પોતાના ભાષણમાં "શ્રી સંઘબેંક" સ્થાપવાથી કોમના ઉદયની આશા બતાવી છે.

ઈ૦ સ૦ ૧૯૦૮ માં ભાવનગર ખાતે મળેલાં કોન્ફરન્સનાં અધિવેશન પ્રસંગે પ્રમુખસ્થાનેથી શેઠ મનસુખભાઇ ભગુભાઈએ જૈન બેંક સ્થાપવા વિષેની આવશ્યકતા દર્શાવનારો ઠરાવ સર્વાનુમતે પસાર કર્યો હતો.

પુના ખાતે મળેલી કોન્ફરન્સની બેઠક વખતે પ્રમુખસ્થાનેથી ઠરાવ ૧૩ મો 'જૈનબેંક' સ્થાપવાની અગત્ય વિષે પસાર કરવામાં આવ્યો હતો.

ઉપરાંત અન્ય સ્થળે મળેલાં અધિવેશનોમાં પણ 'જૈનબેંક' વિષેના ઠરાવો પસાર કરવામાં આવ્યા હતા, પરંતુ પૂરતા સાહિત્યના અભાવે અહિં રજુ કરી શકેલ નથી.

વસ્તુતઃ કાર્યસિદ્ધિમાં હમેશાં Will Power ઈચ્છાશક્તિની અનિવાર્ય અગત્ય હોય છે, પરંતુ ઘણાખરા ઠરાવોની માફક આ ઠરાવના સંબંધમાં જૈન કોમના આગેવાનો ઠરાવ પસાર (!) કરવા સિવાય કશું કરવા સમર્થ થયા નથી, તેનું કારણ લેખકને એ લાગે છે કે, તેઓનામાં will ઇચ્છા છે, પરંતુ તેને અમલમાં મૂકવા Power શક્તિની જરૂર છે, તેની ગેરહાજરી જોવામાં આવે છે.

અંતે—પરમાત્મ પ્રતિ પ્રાર્થના છે કે, જૈન કોમના નેતાઓમાં ઇચ્છા અને શકિત બંનેનો સહયોગ થવા જેટલું બળ પ્રેરી જૈન કોમના કલ્યાણાર્થે જૈન બેંક સ્થાપવાનો શુભ દિવસ નજીકમાં બતાવે.

મુંબઈ—ઘાટકુપર. પંડિત આવજી દામજી શાહ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# વિશ્વમાં આત્માનું સ્થાન.

આ જગત્ અનેક મનુષ્યોને જરા, મરણ, કષ્ટ, વ્યાધિ અને સર્વ પ્રકારના દુઃખોથી ભરેલું જણાય છે. સંસાર તેમને દાવાનળ જેવો ભાસે છે, અને તેમના અંતઃકરણની સ્થિતિ ફાંસીની સજા પામેલા કેદી જેવી હોય છે, તેઓ દીન અને નિરાશાથી ભરપુર રહ્યા કરે છે. પરંતુ જે આત્માઓ ' અમે ' કોણ છીએ ? કઈ કોટિના છીએ ? અમારૂં અસ્તિત્વ ( existence ) આ જગતમાં કયા હેતુઓ સિદ્ધ કરવાને માટે છે ? અમારૂં જીવનસૂત્ર શું હોવું જોઇએ ? સ્વાર્થત્યાગ-( self-sacrifice ) અમારા જીવનનો ઉત્તમોત્તમ સદ્દગુણ-કેટલે અંશે પ્રાપ્ત કર્યો છે ? આ અને આવા અનેક પ્રશ્નો પોતાના વિચાર દ્વારા ઉત્પન્ન કરી અંતઃકરણને જાગૃત કરી શકયા છે તેઓને એજ જગત્ દુઃખમાત્રથી રહિત તેમજ સુલભ અને આનંદથી ભરેલું પ્રતિબિંબિત થાય છે.

આ રીતે સમજણના ભેદથી એક મનુષ્ય અનંત દુઃખપૂર્ણ જગતમાં વસે છે ત્યારે બીજો મનુષ્ય દષ્ટિભેદ હોવાથી અનંત સુખપૂર્ણ જગતમાં વસેલો હોય છે. બંનેની ભૂમિકા જુદી હોવાથી-જ્ઞાન દષ્ટિમાં તફાવત હોવાથી દુઃખ સુખનો અનુભવ કરવામાં પણ તફાવત પડેલો હોય છે.

જ્ઞાનની વિકાસવાળી સ્થિતિમાં કોઇ સ્થાને દુઃખ દેખાતું નહિ હોવાથી તે ભાન સ્થાયી રહે છે. દુઃખવાદી મનુષ્યનું દુઃખ જ્ઞાનની ભુમિકામાં પ્રવેશ થતાં જતું રહે છે. આથી જે દુઃખ અસ્થિર છે અને જ્ઞાનના પ્રકાશમાં લુપ્ત થઇ જાય તેવું છે તે ખરેખર સત્ય નથી. પરંતુ તે દુઃખનું સંયમન કરવાની આત્મશકિત જે આનંદથી તે દુઃખને વેદે છે તે આનંદ સત્ય છે.

સુખવાળી અવસ્થા પ્રકટ કરવા માટે સ્થાન ( Place ) અને સંયોગો ( Circumstances ) બદલવાની આવશ્યકતા છે. પરંતુ ખરેખરી અગત્યતા સ્થિતિ વિશેષ ( Self-change ) ની છે. સ્થિતિ બદલાતાં સંયોગો અને સ્થાનનો પ્રભાવ પણ બદલાઈ જાય છે. મનની સ્થિતિ બદલાતાં મરૂભૂમિ નંદનવન બની જાય છે. પરંતુ આ સ્થિતિનું રૂપાંતર કોણ કરી શકે ? એના ઉત્તરમાં કહેવું જોઇએ કેઃ—' આત્મબળ પ્રાપ્ત કરનાર મનુષ્ય. '

આ વિશ્વમાં મુખ્યત્વે કરીને ત્રણ પ્રકારની કોટિવાળા મનુષ્યો રંગભૂમિ ઉપર દેખાવ દેતા જોવામાં આવે છે. પ્રથમ પ્રકારના મનુષ્યોનો બુદ્ધિ વિકાસ બહુજ અલ્પ પ્રમાણમાં થયેલો હોવાથી તેમની પ્રત્યેક ક્રિયાઓ ગતાનુગતિક-ફોનોગ્રાફના યંત્ર જેવી હોય છે. આવા મનુષ્યોને પોતાના શરીરનું પોષણ અને પોતાની જરૂરીઆતોને પુરી પાડવા સિવાય બીજી કાંઇ પરવા હોતી નથી. એમના વિચારનો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિષય આહાર, નિદ્રા અને ઇંદ્રિય તૃપ્તિ સિવાય હોતો નથી. જૈનદૃષ્ટિએ આ આત્માઓ 'બહિરાત્માઓ' કહેવાય છે. 'હું' એટલે આત્મા એવું ભાન તેઓને આ કોટિમાં નથી. ભક્ષ્યાભક્ષ્ય અને પેયાપેયનો વિવેક રાખતા નથી. સારાં ખોટાંની વહેંચણી કરી શકતા નથી. સ્વાર્થની ખાતર વારંવાર ક્રોધ–અભિમાન અને અસૂયાની લાગણી પ્રદર્શિત કરે છે. અથવા માનસિક નબળાઇને લીધે પરનિંદામાં પ્રવૃત્ત થતા જોવામાં આવે છે. એમની ધાર્મિક ક્રિયાઓ મુખ્યત્વે કરીને ગતાનુગતિક હોય છે. પરહિત માટે અથવા આત્માની મુકિત મેળવવા માટે તે તે ક્રિયાઓ કરવાની જરૂરીઆત તેઓ સ્વીકારતા નથી. દયાનો સિદ્ધાંત ઉપર ઉપરથી સમજતા હોય છે. તેમનું આદરેલું તપ સકામનિર્જરા માટે હોતું નથી. તેમના ઉપવાસો આત્મબળ પ્રાપ્ત કરવા માટે નહિ પરંતુ લંઘન પુરતા હોય છે. દરેક સારી અથવા ખોટી ગમે તે હકીકતોમાં 'હાજી હા' કરતા વિવેકથી વિચાર કર્યા વગર તુરત ભળી જાય છે. સ્વતંત્ર વિચારનો તો અહીં અવકાશજ નથી. જિનપૂજા આદિ કૃત્યો કુળધર્મના એક આચાર તરીકે માનીને કરતા હોય છે.

અમુક 'સારૂં' અથવા અમુક 'ખોટું' એ ભાવના તરફ વિવેકથી જાગૃત થતો મનુષ્ય બીજી કોટિમાં પ્રવેશ કરવાને લાયક જણાય છે. અહીં પ્રશસ્ત રાગની મુખ્યતા હોય છે, ક્રોધ અને ધિક્કારની જે લાગણીઓ પરનિંદા ખાતર પ્રબળ થતી હતી, તે હવે ઉપયોગી અને અન્યને હિતકારી પરિણામવાળી પરિસ્થિતિમાં પ્રકટે છે. સ્વપરનું હિત આ કોટિના મનુષ્યો યુક્તિથી જુદી જુદી લાગણીઓ પ્રદર્શિત કરી સાધતા હોય છે. એમની યુક્તિઓ સ્વાર્થ સાધના માટે હોતી નથી પરંતુ સ્વપરના હિતની ખાતરજ યોજાય છે. પ્રશંસા, કીર્તિ વિગેરેની દરકાર કરતા નથી. ખાનપાનમાં મિતાહારી હોય છે. આ કોટિમાં સ્વાર્થ ત્યાગની ઉમેદવારી મનુષ્યો કરતા હોય છે. પ્રત્યેક ક્રિયાઓ સમજણ અને હેતુ પૂર્વક કરતા હોય છે. આત્માને અહીં તેઓએ ઓળખી લીધેલો હોય છે. જીવન કોઇ ઉચ્ચ હેતુ માટે છે એવું ભાન અહીં નિરંતર તેમને જાગૃત હોય છે. ઇંદ્રિયના વિકારો ઉપર સંયમન બને તેટલું રાખવા પ્રયત્નશીલ જણાય છે. તેમનો વ્યવહાર એવો સુંદર હોય છે કે બીજાઓ તેનું અનુકરણ કરવા લલચાય છે; આ કોટિના મનુષ્યોને સારા ખોટાંની પરીક્ષા હોવાથી એક મનુષ્યના ગેરવ્યાજબી વર્તન સામે તેમનો તિરસ્કાર હોય છે પરંતુ માનસિક નબળાઇ હોવાથી તેઓ તે ગેરવ્યાજબી વર્તન અટકાવી શકતા નથી. અથવા 'નીરૂપાયપણું' જાહેર કરે છે. સ્વતંત્ર વિચારક હોય છે છતાં 'સ્વતંત્ર વાતાવરણ' ઉત્પન્ન કરી શકતા નથી. તેઓ પોતાના વડીલોના ગેરવ્યાજબી અને અન્યાયી વર્તન હોવા છતાં પણ અસાધારણ માનદૃષ્ટિથી જ જુવે છે. તાત્પર્ય કે તેઓને અંદરથી જૂઠાણાં તરફ તિરસ્કાર હોવા છતાં તેઓ કામ ચલાવી લેવાની વૃત્તિવાળા હોવાથી મધ્યમકોટિના મનુષ્યો કહેવાય છે. આ મનુષ્યો અનેક ધંધાઓ–

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ખાતાંઓ ચલાવે છે અને ગડમથલ પણ તેના પ્રમાણમાં કરતા હોય છે પરંતુ તેમનું લક્ષ્યબિંદુ ( point of view ) નિર્દોષ હોવાથી વિશ્વને આવા મનુષ્યોની ખાસ જરૂર હોય છે. શરીરબળ અને મનોબળનો વિકાસ આ કોટિના મનુષ્યોને ખાસ જરૂરી ( necessary ) લાગે છે, તર્ક અને વિવાદો આ કોટિના મનુષ્યોને પ્રિય હોય છે. જ્ઞાન પ્રાપ્તિ કરી પ્રશ્નોની ચર્ચાઓ ઉપસ્થિત કરે છે. અને તે દ્વારા અમુક સિદ્ધાંતનો નિર્ણય પ્રાપ્ત કરવા પ્રેરાય છે, આ કોટિમાં જો મનુષ્યોની માનસિક નિર્બળતા વધારે પ્રમાણમાં રહેલી હોય છે તો નિર્બળપણે સર્વ સહન કરી ચલાવી લેવાની ટેવ રાખતાં જણાય છે અને જો સબળતાનું પ્રમાણ વધારે હોય છે તો ક્રોધાદિ લાગણીનો પ્રવાહ અન્યને નુકશાન કરવા સુધી પહોંચી જાય છે. જોકે 'સમતોલપણું' એ આ કોટિના આત્માઓનું જીવન સૂત્ર હોય છે છતાં પૂર્વસંસ્કારો તેમને તે કોટિમાંથી ચ્યુત કરી શકે છે.

ત્રીજી કોટિના આત્માઓનો જીવન મંત્ર 'અભેદતા' હોય છે. તેઓ શાંતિ અને ગંભીરતાથી દરેક કાર્ય ઉકેલતા હોય છે. આત્મશક્તિ સબળ બનવા છતાં શાંતિને ચાહનારા હોય છે. પ્રથમ કોટિમાં જે શાંતિ નિર્બળતાથી નીરૂપાયે રાખવી પડતી હતી તે આ કોટિવાળા મનુષ્યો સબળતાથી ઇચ્છાપૂર્વક રાખી શકે છે. જ્યારે જ્યારે નિઃસ્વાર્થ કાર્યો તેમના હાથે બને છે ત્યારે ત્યારે સ્વાભાવિક શાંતિ પ્રકટી નીકળે છે. પૂર્વાવસ્થાના બાળ ખ્યાલો તરફ હસવું આવે છે તેમજ અત્યારસુધીના વર્તન માટે પશ્ચાત્તાપ પ્રકટે છે. મૃત્યુને આફત તુલ્ય નહિ માનતાં વર્તમાન જીવનના થાક ઉતારવા તુલ્ય માને છે. પરમાત્મા પાસે મુક્તિની માગણી નહિ કરતાં આ કોટિના આત્માઓ આત્મા અને પરમાત્માનું ઐક્ય સાધવાની અભિલાષાવાળા હોય છે. જનસમુદાયનાં દુઃખો પોતાનાં માની લીએ છે. સ્વતંત્ર વિચારક હોઈ, સંયોગો તપાસી પોતાનું વિચાર વાતાવરણ મજબૂત કરે છે, મન, વચન અને ક્રિયાથી સર્વનું હિતજ ઇચ્છે છે. મૈત્રી, પ્રમોદ, કારૂણ્ય અને માધ્યસ્થ ભાવનાઓનું બળ નિરંતર પોતાના આત્મામાં રેડ્યા જાય છે. સુખ દુઃખને સમભાવથી વેદવાની કળા આ કોટિએ સિદ્ધ થતી હોય છે. આ કોટિએ રહેલા આત્મા ઉપરનો જનસમાજનો વિશ્વાસ પ્રચંડ હોય છે. પ્રેરણા બળ વડે સંખ્યાબંધ આત્માઓને ઉંચી કોટિએ મુકવાની પ્રબળ ઇચ્છાવાળા હોય છે. તેમની પ્રત્યેક ક્રિયાઓ આત્મા સાથે ઓતપ્રોત થયેલી હોય છે, દરેક સ્થાનેથી ગુણનેજ ગ્રહણ કરે છે. દોષ દૃષ્ટિ અહીં હોતીજ નથી. અસત્યની સામે સબળપણે વિરોધ ઉભો કરે છે. પરંતુ તેમનું આત્મબળ દૃઢ હોવાથી વિજયવંત નીવડે છે. આ અવસ્થા જૈનદૃષ્ટિએ અંતરાત્માની ઉચ્ચ કોટિ ગણાય છે.

આ પ્રકારે મનુષ્યો ભિન્ન ભિન્ન કોટિમાં વર્તતા હોય છે. પરંતુ તેથી ઉપરની કોટિવાળા મનુષ્યો નીચેની કોટિવાળાઓને ધિક્કાર અથવા હલકાઇની નજરથી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જોતા નથી પરંતુ તેઓ એમ માને છે કે વિશ્વના અચળ નિયમ પ્રમાણે જે બનવા યોગ્ય હોય છે તેમજ બન્યું હોય છે. જે પરિસ્થિતિનું વાતાવરણ વર્ત્તમાનકાળમાં જે કોટિવાળા આત્માઓમાં દેખાય છે તે તેમની પૂર્વ પ્રયોગની ક્રિયાનું ફળ છે, એમાં આશ્ચર્ય જેવું કશું હોતું નથી એમ તેઓ માનતા હોય છે. ત્રીજી કોટિવાળા મનુષ્યો એમ માનીને લમણે હાથ દઇ બેસી રહેતા નથી. પરંતુ આત્માઓની કોટિ કેમ ઉચ્ચ થાય તે માટે જીવનપર્યંત પ્રયત્નશીલ રહે છે અને પોતાનાથી બની શકે તેટલું કરી પણ શકે છે. તેમનું મુખ સદા પ્રસન્ન હોય છે. તેમને બીજા આત્માઓની અધોગતિના ખેદ અંતરંગમાં વર્તતો હોય છે. પરમાર્થના અચળ માર્ગમાં તેમનું પ્રયાણ હોય છે. ગૃહસ્થજીવનમાં કાં તો આવી ઉચ્ચકોટિની પરિપાલના કરે છે અથવા તેથી આગળ વધી નિષ્કામ સાધુજીવન ગાળતા હોય છે. પ્રમાદ અને આલસ્યનો ભોગ નહિં થઇ પડતાં ઉત્તરોત્તર એ કોટિમાં આગળ પગલાં ભરતાં હોય છે.

પ્રત્યેક આત્મા માટે વિશ્વમાં ઉચિત સ્થાન યોજાયેલું છે. અવસ્થાના રૂપાંતરને આપણે 'આમ કેમ બન્યું?' એમ ઉચ્ચારીએ છીએ. દરેક આત્મા વિકાસવડે જૂદી જૂદી અવસ્થાવાળા સ્થાનમાં નિયત થાય છે. જેમ જેમ આત્મસ્ફુરણા—માનસિક બળ વધતાં જાય છે તેમ તેમ પશુજીવનમાંથી મનુષ્યજીવન અને મનુષ્યજીવનમાંથી દિવ્ય જીવનની કોટિઓ પ્રાપ્ત થાય છે ત્યારે જ શ્રીમદ્ યશોવિજયજી કહે છે તેમ:—

यदा न प्रेर्यते चित्तं, चिन्मात्र प्रतिबंधतः ।
अनादि वासनावातै, स्तदा ते परमं सुखं ॥

"જ્યારે ચિત્ત અનાદિ સંસ્કારરૂપ પવનથી ચલિત થતું નથી તેમજ ઉપર ઉપરના જ્ઞાનવડે સંકુચિત થતું નથી ત્યારેજ વાસ્તવિક સુખની પ્રાપ્તિ થાય છે."

તાત્પર્ય કે—સંસારના અનેક સુખ દુઃખના પ્રસંગો ઉપર આત્મબળનો નિરંતર ઉપયોગ અને તે વડે ઉત્પન્ન થતો આનંદ એ આ વિશ્વમાં આત્માઓનું ઉચ્ચતમ સ્થાન છે.

ફત્તેહચંદ ઝવેરભાઇ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# શ્રી मानतुंग आचार्य विरचित भक्तामर स्मरण [*]
## पद्यात्मक रहस्य.

( લખનાર—દુર્લભજી વિ૦ ગુલાબચંદ, વલા. )

હરિગીત છંદ.

ભક્તિ સહિત પ્રણમેલ સુરના, [1]તાજ મણીઓની પ્રભા,
કરનાર તસ ઉદ્યોત, છે હરનાર પાપ તિમિર [2]ગણા;
આધાર રૂપ ભવસાયરે, પડતા ભવિક જનો પ્રતે,
એ શ્રી યુગાદિ પાય કમલે, પ્રણમીને રૂડી રીતે.
( ૧ )

ગ્રહિ સકળ શાસ્ત્ર રહસ્યને, ઉપજેલ જસ નિપૂણ મતિ,
સુરલોક નાથે એહવા, ત્રણ લોક ચિત્ત હરણ થતી;
સ્તુતિ કરી નિર્દોષ સ્તોત્ર, વડે સ્તવ્યા જિનરાજને,
નિશ્ચે કરિ હું પણ સ્તવીશ, તેમાં પ્રથમ જિનરાજને.
( ૨ )

વિબુધ વિનયી સુરો વડે, જસ પાદ પીઠ પૂજીત છે,
મતિ વિણુ સ્તવવા લાજ તજી, મમ ચિત્ત પ્રેરાયેલ છે;
બાળક વિના જળમાં રહેલા, ચંદ્રના પ્રતિબિમ્બને,
ગ્રહવા ઇચ્છા સહસાતકારે, કૂણ ધરે બીજા મને.
( ૩ )

હે ગુણનિધિ ? ઉજ્વલ મનોહર, ચંદ્ર સમ ગુણ તાહરા,
કથવા બૃહસ્પતિ સમ મતિથી, કૂણ સમર્થ થતાં [3]નરા;
જળચર ભર્યો ઉછળેલ, જળનિધિ પ્રલયના વાયે કરી,
પરિપૂર્ણ એ નિજ બે ભૂજાએ, કુણ સમર્થ શકે તરી.
( ૪ )

એવો હું તો પણ હે મુનિશ, તુજ ભક્તિને આધિન થતાં,
સ્તુતિ કહિશું આપની, નથી શક્તિ મુજ માં હે છતાં;
નિજ બળ વિચાર્યા વિણુ હરિણુ શું, સિંહ સામે નથી થતી,
નિજ બાળના રક્ષણુ નિમિતે, સ્નેહના ઉભરાવતી.
( ૫ ) ( અપૂર્ણ ).

---

૧ તાજ=મુકુટ. ૨ ગણા=સમુહ. ૩ નરા=મનુષ્યો.

* આ સ્તોત્ર મૂળ તેમજ આ પદ્યાત્મક અનુવાદ અને ગુજરાતી ભાષાંતર સાથે અમારા તરફથી જલદીથી પ્રસિદ્ધ થશે. પ્રકાશક.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## નીચેના ગ્રંથો છપાવવા માટે ( ભાષાંતર ) તૈયાર થાય છે.

( પ્રસિદ્ધ કરવા માટે—જ્ઞાનોદ્ધારના કાર્યના ઉત્તેજન માટે સહાયની અપેક્ષા છે. )

૧. **શ્રી દાનપ્રદીપ** ( મહોપાધ્યાય શ્રી ચારિત્રગણી કૃત ) દાનગુણનું સ્વરૂપ ( અનેક કથાઓ સહિત ) જણાવનાર.

૨. **શ્રી મહાવીરચરિત્ર** ( શ્રી નેમીચંદ્ર સૂરિકૃત ) આ ગ્રંથ ઘણો પ્રાચીન છે. બારમા સૈકામાં તે લખાયેલ છે. પાટણના ભંડારની તાડપત્રની પ્રત ઉપરથી અમોએ મૂલ છપાવેલ છે. અપૂર્વ ચરિત્ર છે.

૩. **શ્રી વિમલનાથ ચરિત્ર** ( શ્રી જ્ઞાનસાગરસૂરિ કૃત ) અપૂર્વ ચરિત્ર.

૪. **શ્રી ઉપદેશ સપ્તતિકા** ( શ્રી સોમધર્મગણિ વિરચિત )

૫. **શ્રી ધર્મદેશના** ( અપૂર્વ કથાનક ગ્રંથ )

૬. **સંબોધ સપ્તતિ** શ્રી રત્નશેખરસૂરિ વિરચિત અનેક ધર્મની હકીકતો જણાવનારો ગ્રંથ.

ઉપરના ગ્રંથો રસિક બોધદાયક અને ખાસ પઠનપાઠન કરવામાં ઉપયોગી છે; તેટલુંજ નહિ પરંતુ વાચકોને આનંદ સાથે ધર્મનું જ્ઞાન પ્રાપ્ત થાય તેવા છે. દરેક ગ્રંથોનું ગુજરાતી ભાષાંતર તૈયાર થાય છે. દ્રવ્ય સહાયની અપેક્ષા ( જરૂર ) છે. જ્ઞાનોદ્ધાર કરવાના ઉત્સાહી બંધુઓએ આવા જ્ઞાનોદ્ધારના કાર્યને સહાય આપી મળેલ લક્ષ્મીને સાર્થક કરવાનું છે. વર્તમાન સમયમાં ધર્મના આવા સારા સારા ગ્રંથો પ્રસિદ્ધ કરી, કરાવી ધર્મનો ફેલાવો તે વડે કરવાની આ અમૂલ્ય તક છે. વળી બહોળા પ્રમાણમાં તેના ખપી મુનિમહારાજાઓ, સાધ્વીમહારાજ અને જ્ઞાનભંડાર વિગેરેને ( વગર કિંમતે ) ભેટ અપાય છે. સહાય આપનારને તે લાભ સાથે તેનો જે નફો આવે તે તેવાજ જ્ઞાનખાતામાં ઉપયોગ થાય છે જેથી લાભ લેવા જેવું છે.

---

## શ્રી ગુરૂગુણમાળા યાને ( ગુરૂગુણછત્રીશિ )

### ( મૂળ સાથે ભાષાંતર. )

### ( અનુવાદક શ્રીમાન્ કર્પૂરવિજયજી મહારાજ. )

પ્રાતઃસ્મરણીય શ્રી નવકારમંત્રના ત્રીજા પદ શ્રી આચાર્ય ભગવાનના છત્રીશ ગુણો શાસ્ત્રકારે કહ્યા છે, તે સાથે તેવીજ છત્રીશ છત્રીશી એટલે ૧૨૯૬ ગુણો આચાર્યમહારાજના છે, તેમ પણ કહેલ છે; તે ગુણો એવા તો અલૌકિક છે કે જે વાંચતાં આચાર્યપદના સ્વરૂપનું જાણ થવા સાથે આત્માને અધ્યાત્મિક આનંદ પ્રાપ્ત થાય છે. બાળજીવોના ઉપકાર નિમિત્તે કરેલી શ્રી પૂર્વાચાર્યની આ કૃતિ અલ્પજ્ઞ સમજી શકે, તે માટે ભાષાંતર પણ સાથે આપવામાં આવ્યુ છે. ભાષાંતર પણ સરલ અને શુદ્ધ શ્રીમાન્ કર્પૂરવિજયજી મહારાજે કરેલું છે. જે ગ્રંથ હાલમાં અમારા તરફથી પ્રસિદ્ધ થયો છે. જે ખાસ વાંચન અને મનન કરવા યોગ્ય છે. કિંમત માત્ર રૂા. ૦-૮-૦ રાખવામાં આવી છે. પોસ્ટેજ જુદું. અમારે ત્યાંથી મળશે.

---

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# *Social Serivice—a part of life.*

" In whatever way, in whatever channel, in whatever opportunity it gives you to carry the torch to the dark hauses, those prisons in which the poor and suffering dwell, take that torch with you; do not take charity but love. Do not take your idleness but out of the abundance of the crowded hours in which you can not spare a single moment, create leisure. It is greater than filling your names on the pages of history. How will a school master, you ask, serve humanity at 4 O'clock if time has passed ahead ? How will a statesman after sitting in the Council weary and tired serve his fellowmen ? How can all these people do social service ? I say to you that social service is not a thing separate from your life. It is not like a council where men gather, it is not the mosque where many go on Fridays to pray and not the temple where they gather at the proper time. Social service is that which is always with you. it is a thing which you carry with you, when the opportunities are there, when the will is there, and every moment of your life you are awake are all the moments of social service in your life; for like religion it is that which is within you and not that which is outside you. It is a part of your daily life, it is the enthusiastic dedication of yourself to the of humanity which alone makes you a man. "

*Mrs. Sarojini Naidu.*

## જાહેર ખબર.

ભરૂચ શહેરમાં દેરાસર માટે (પૂજારી) ગોઠીની જરૂર છે, પગાર સારો આપીશું અને રહેવાનું મકાન આપીશું. જેમની ઇચ્છા હોય તેમણે ભલામણ પત્ર સાથે નીચે સહી કરનારને જણાવવું અથવા રૂબરૂ મળવું. લી૦

શાહ અમરચંદ જગજીવનદાસ—ભરૂચ.

For Private And Personal Use Only